Sunday
02.07.2023
✳Volume :7 ✳ Issue No.334
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

વિશ્વાસથી વિકાસ યાત્રા

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

✳Managing Editor:Arjun Sondarva ✳Office:A-3, Plot No. R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar(Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs.90/-

પ્રધાનમંત્રીએ નવી દિલ્હીમાં ૧૭મી ભારતીય સહકારી કોંગ્રેસને સંબોધન કર્યું

સરકાર અને સહકાર (સરકાર અને સહકારી) સાથે મળીને વિકસિત ભારતનાં સ્વપ્નને બમણી તાકાત પૂરી પાડશે" :પ્રધાનમંત્રી શ્રી

સહકારની ભાવના સબકા પ્રયાસોનો સંદેશ આપે છે

કોઓપરેટિવ માર્કેટિંગ અને સહકારી વિસ્તરણ અને સલાહકાર સેવાઓ પોર્ટલ માટે ઇ-કોમર્સ વેબસાઇટનાં ઇ-પોર્ટલ્સ લોંચ કર્યાં

આજે રાસાયણિક મુક્ત કુદરતી ખેતી સરકારની મુખ્ય પ્રાથમિકતા છે

"સસ્તું ખાતર સુનિશ્ચિત કરવું એ બતાવે છે કે ગેરંટી શું હોય છે અને ખેડૂતોનાં જીવનને બદલવા માટે કેટલા મોટા પ્રયાસોની જરૂર પડે છે"

કમલમ્ ન્યૂઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે આંતરરાષ્ટ્રીય સહકારી દિવસના અવસરે નવી દિલ્હીમાં પ્રગતિ મેદાન ખાતે ૧૭મી ભારતીયસહકારી કોંગ્રેસને સંબોધન કર્યું હતું. ૧૭મી ભારતીય સહકારી કોંગ્રેસની મુખ્ય થીમ 'અમૃત કાલ: વાઈબ્રન્ટ ઈન્ડિયા માટે સહકાર દ્વારા સમૃદ્ધિ' છે. શ્રી મોદીએ કોઓપરેટિવ માર્કેટિંગ અને કોઓપરેટિવ એક્સ્ટેન્શન અને સલાહકાર સેવાઓ પોર્ટલ માટેની ઈ-કોમર્સ વેબસાઈટનાં ઈ-પોર્ટલ્સનો પણ શુભારંભ કર્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા પ્રધાનમંત્રીએ દરેકને અભિનંદન આપ્યાં હતાં અને કહ્યું હતું કે, દેશ 'વિકસિત અને આત્મનિર્ભર ભારત'ના લક્ષ્યાંક તરફ કામ કરી રહ્યો છે. તેમણે આ લક્ષ્યાંકો હાંસલ કરવા માટે 'સબ કા પ્રયાસ'ની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો, જેમાં સહકારની ભાવના દરેકના પ્રયાસોનો સંદેશ આપે છે. પ્રધાનમંત્રીએ ભારતને વિશ્વનું અગ્રણી દૂધ ઉત્પાદક દેશ બનાવવામાં ડેરી સહકારી મંડળીનાં યોગદાનની નોંધ લીધી હતી અને ભારતને વિશ્વમાં ખાંડનું ઉત્પાદન કરતા ટોચના દેશોમાં સ્થાન અપાવવામાં સહકારી મંડળીઓની ભૂમિકાની નોંધ લીધી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, સહકારી મંડળીઓ દેશના ઘણા વિસ્તારોમાં નાનાખેડૂતો માટે એક મોટી સપોર્ટ સિસ્ટમ બની ગઈ છે. પ્રધાનમંત્રીએ એ બાબતની પણ નોંધ લીધી હતી કે, ડેરી ક્ષેત્રમાં મહિલાઓનું યોગદાન આશરે ૬૦ ટકા છે. આથી, પ્રધાનમંત્રીએ ચાલુ રાખ્યું, સરકારે વિકસિત ભારતનાં લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે સહકારી ક્ષેત્રને મજબૂત કરવાનો નિર્ણય લીધો છે. તેમણે માહિતી આપી હતી કે, પહેલી વખત અલગ મંત્રાલયની રચના કરવામાં આવી હતી અને સહકારી મંડળીઓ માટે બજેટ ફાળવવામાં આવ્યું અને તેનાં પરિણામે સહકારી મંડળીઓને કોર્પોરેટ ક્ષેત્રની જેમ જ પ્લેટફોર્મ રજૂ કરવામાં આવી રહ્યું છે. પ્રધાનમંત્રીએ સહકારી મંડળીઓને મજબૂત કરવાનાં પગલાં વિશે પણ જાણકારી આપી હતી અને કરવેરાના દરોમાં ઘટાડાનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે સહકારી બેંકોને મજબૂત બનાવવાનાં પગલાં વિશે પણ માહિતી આપી હતી અને નવી શાખાઓ અને ડોરસ્ટેપ બેંકિંગ ખોલવામાં નરમાશનાં ઉદાહરણો આપ્યાં હતાં. આ કાર્યક્રમ સાથે મોટી સંખ્યામાં ખેડૂતો સંકળાયેલા છે તેની નોંધ લઈને પ્રધાનમંત્રીએ છેલ્લાં ૯ વર્ષમાં ખેડૂતોનાં કલ્યાણ માટે હાથ ધરવામાં આવેલાં પગલાં પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. તેમણે કહ્યું હતું કે, ભૂતકાળમાં ભાગ્યે જ મળતાં સમર્થનથી અને એમાં પણ વચેટિયાઓ દ્વારા વધારે ઘટાડો થતો એનાથી વિપરીત, હવે કરોડો ખેડૂતોને કિસાન સન્માન નિધિ તેમનાં ખાતામાં સીધી જ મળી રહી છે. તેમણે જણાવ્યું હતું કે, છેલ્લાં ૪ વર્ષમાં આ યોજના હેઠળ પારદર્શક રીતે રૂ. ૨.૫ લાખ કરોડ હસ્તાંતરિત કરવામાં આવ્યાં છે. તેમણે જનમેદનીને એમ કહીને બાબતોને પરિપ્રેક્ષ્યમાં મૂકી હતી કે, જો આપણે વર્ષ ૨૦૧૪ અગાઉનાં ૫ વર્ષનાં કુલ કૃષિ બજેટને ધ્યાનમાં લઈએ, જે ૯૦,૦૦૦ રૂપિયાથી ઓછું થાય છે, તો ૨.૫ લાખ કરોડ રૂપિયા એક મોટી રકમ છે. આનો અર્થ એ છે કે તે પાંચ વર્ષનાં કુલ કૃષિ બજેટના ત્રણ ગણાથી વધુ માત્ર એક યોજના પર ખર્ચવામાં આવ્યા હતા. પ્રધાનમંત્રીએ વૈશ્વિક સ્તરે ખાતરની વધતી કિંમતોને કારણે ખેડૂતો પર બોજ ન પડે એ સુનિશ્ચિત કરવાના ઉપાયો પર પણ વિસ્તૃત વર્ણન કર્યું હતું. તેમણે કહ્યું કે, એક ખેડૂત આજે યુરિયાની થેલી માટે લગભગ ૨૭૦ રૂપિયા ચૂકવે છે જ્યારે આ જ બેગની કિંમત બાંગ્લાદેશમાં ૭૨૦ રૂપિયા, પાકિસ્તાનમાં ૮૦૦ રૂપિયા, ચીનમાં ૨૧૦૦ રૂપિયા અને અમેરિકામાં ૩૦૦૦ રૂપિયા છે. તેમણે જણાવ્યું હતું કે, "આ બાબત દર્શાવે છે કે, ગેરન્ટી કેવી હોય છે અને ખેડૂતોનાં જીવનમાં પરિવર્તન લાવવા માટે કેટલા મોટા પાયે પ્રયાસોની જરૂર પડે છે." પ્રધાનમંત્રીએ જાણકારી આપી હતી કે, છેલ્લાં ૯ વર્ષમાં રૂ. ૧૦ લાખ કરોડથી વધારે રકમ ફક્ત ખાતરની સબસિડી પર ખર્ચ કરવામાં આવી છે. ખેડૂતોને તેમનાં ઉત્પાદન માટે યોગ્ય કિંમત પૂરી પાડવાની દિશામાં સરકારની ગંભીરતા પર ભાર મૂકીને પ્રધાનમંત્રીએ જાણકારી આપી હતી કે, સરકારે છેલ્લાં ૯ વર્ષમાં ખેડૂતોનાં ઉત્પાદનની ખરીદી વધારાયેલી એમએસપી સાથે કરી છે અને ૧૫ લાખ કરોડથી વધારે રકમ ખેડૂતોને આપી છે. શ્રીમોદીએ જણાવ્યું હતું કે, "સરકાર કૃષિ અને ખેડૂતો પર વાર્ષિક સરેરાશ ૬.૫ લાખ કરોડથી વધારેનો ખર્ચ કરે છે." તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, "સરકાર એ સુનિશ્ચિત કરી રહી છે કે દેશમાં દરેક ખેડૂતને એક યા બીજી રીતે દર વર્ષે આશરે ૫૦,૦૦૦ રૂપિયા મળે." સરકારના ખેડૂત કલ્યાણના અભિગમ વિશે વાત આગળ વધારતા શ્રીમોદીએ તાજેતરમાં રૂ. ૩ લાખ ૭૦ હજાર કરોડનાં પેકેજ વિશે જાણકારી આપી હતી તથા શેરડીના ખેડૂતો માટે ક્વિન્ટલદીઠ રૂ. ૩૧૫ના વાજબી અને લાભદાયક મૂલ્ય વિશે જાણકારી આપી હતી. જેનો સીધો લાભ શેરડીના ૫ લાખ ખેડૂતો અને શુગર મિલોમાં કામ કરતા લોકોને મળશે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, અમૃતકાલ દરમિયાન ગામડાં અને ખેડૂતોના વિકાસમાં સહકારી ક્ષેત્રની ભૂમિકા મોટી બની રહેવાની છે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, "સરકાર અને સહકાર (સરકાર અને સહકારી) સંયુક્તપણે વિકસિત ભારતનાં સ્વપ્નને બમણી તાકાત પૂરી પાડશે." તેમણે સમજાવ્યું હતું કે, ડિજિટલ ઈન્ડિયા અભિયાન મારફતે સરકારે પારદર્શકતા વધારી છે અને લાભાર્થીઓને લાભ સુનિશ્ચિત કર્યો છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "આજે ગરીબમાં ગરીબ વ્યક્તિ માને છે કે ઉપલાં સ્તરે ભ્રષ્ટાચાર અને સગાવાદ નાબૂદ થઈ ગયા છે. સહકાર પર ધ્યાન કેન્દ્રિત કરવાની સાથે, તે મહત્વપૂર્ણ છે કે આપણા ખેડૂતો અને પશુપાલન કરતા લોકોએ દૈનિક જીવનમાં આનો અનુભવ કરવો જોઈએ. સહકારી ક્ષેત્ર પારદર્શકતા અને ભ્રષ્ટાચારમુક્ત શાસનનું મોડલ બને તે જરૂરી છે. આ માટે સહકારી ક્ષેત્રમાં ડિજિટલ સિસ્ટમને પ્રોત્સાહન આપવું જોઈએ," એમ પ્રધાનમંત્રીએ કહ્યું હતું. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "ભારત દુનિયામાં ડિજિટલ વ્યવહારો માટે જાણીતું છે." તેમણે ડિજિટલ વ્યવહારોની વાત આવે ત્યારે સહકારી મંડળીઓ અને બેંકોને આગળ રહેવા અપીલ કરી હતી. તેમણે કહ્યું કે તે બજારમાં પારદર્શિતા અને કાર્યક્ષમતામાં વધારો કરશે જ્યારે વધુ સારી સ્પર્ધાને પણ સક્ષમ બનાવશે. પ્રાથમિક સ્તરની મુખ્ય સહકારી મંડળીઓ અથવા પીએસીએસ પારદર્શકતા માટે આદર્શ બનશે એ બાબત પર ભાર મૂકીને પ્રધાનમંત્રીએ જાણકારી આપી હતી કે, ૬૦,૦૦૦થી વધારે પીએસીએસનું કમ્પ્યુટરાઈઝેશન થઈ ચૂક્યું છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, સહકારી મંડળીઓએ તેમને ઉપલબ્ધ ટેકનોલોજીનો સંપૂર્ણ ઉપયોગ કરવો જોઈએ. તેમણે ઉલ્લેખ કર્યો હતો કે, સહકારી મંડળીઓ દ્વારા કોર બેંકિંગ અને ડિજિટલ વ્યવહારોની સ્વીકૃતિથી દેશને મોટો લાભ થશે. સતત વધી રહેલી વિક્રમી નિકાસનો ઉલ્લેખ કરીને પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, આ સંબંધમાં સહકારી મંડળીઓએ પણ યોગદાન આપવું જોઈએ. તેમણે કહ્યું હતું કે, ઉત્પાદન સાથે સંબંધિત સહકારી મંડળીઓને વિશેષ પ્રોત્સાહન આપવા પાછળનું આ જ કારણ છે. તેમના કરવેરાનું ભારણ ઘટાડી દેવામાં આવ્યું છે, એમ તેમણે જણાવ્યું હતું. તેમણે ખાસ કરીને નિકાસની સારી કામગીરી માટે ડેરી ક્ષેત્રનો ઉલ્લેખ કર્યો હતો અને આપણાં ગામોની સંભવિતતાનો સંપૂર્ણ ઉપયોગ કરવા સંકલ્પ સાથે આગળ વધવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે આ સંકલ્પનાં ઉદાહરણ સ્વરૂપે શ્રી અન્ન (જાડાં અનાજ) માટે નવી પ્રેરણાનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે ઉલ્લેખ કર્યો હતો કે, તાજેતરમાં અમેરિકામાં વ્હાઈટ હાઉસ ખાતે યોજાયેલાં સ્ટેટ ડિનરમાં શ્રી અન્ન મુખ્ય હતું. તેમણે સહકારી મંડળીઓને ભારતીય શ્રી અન્નને વૈશ્વિક બજારોમાં લઈ જવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. પ્રધાનમંત્રીએ શેરડીના ખેડૂતોના પડકારોને પહોંચી વળવા માટે લેવામાં આવેલા પગલાંની વિસ્તૃત જાણકારી આપી હતી, ખાસ કરીને વળતરદાયક કિંમતો નહીં મળવા અને સમયસર ચુકવણી કરવા વિશે. ખાંડ મિલોને ખેડૂતોની બાકી નીકળતી રકમ ચૂકવવા માટે ૨૦,૦૦૦ કરોડ રૂપિયાનું પેકેજ આપવામાં આવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, પેટ્રોલના ઈથેનોલ મિશ્રણને પ્રાથમિકતા આપવામાં આવી હતી અને છેલ્લાં ૯ વર્ષમાં ખાંડની મિલો પાસેથી રૂ. ૭૦,૦૦૦ કરોડનું ઈથેનોલ ખરીદવામાં આવ્યું હતું, એમ તેમણે કહ્યું. તેમણે એમ પણ માહિતી આપી હતી કે શેરડીના ઊંચા ભાવો પરના કરવેરાને પણ દૂર કરવામાં આવ્યા છે.

કરવેરા સાથે સંબંધિત સુધારાઓ વિશે વાત કરતા પ્રધાનમંત્રીએ આ બજેટમાં સહકારી ખાંડની મિલોને જૂની બાકી નીકળતી રકમની પતાવટ માટે રૂ. ૧૦,૦૦૦ કરોડનાં સમર્થન વિશે જાણકારી આપી હતી. આ બધા પ્રયત્નો ક્ષેત્રમાં કાયમી પરિવર્તન લાવી રહ્યા છે અને તેને મજબૂત બનાવી રહ્યા છે. પ્રધાનમંત્રીએ ધ્યાન દોર્યું હતું કે, ખાદ્ય સુરક્ષા માત્ર ઘઉં અને ચોખા સુધી જ મર્યાદિત નથી અને તેમણે એ હકીકત તરફ ધ્યાન દોર્યું હતું કે, ભારત ખાદ્યતેલ, કઠોળ, માછલીના આહાર અને પ્રોસેસ્ડ ફૂડ વગેરેની આયાત પર આશરે ૨થી ૨.૫ લાખ કરોડ રૂપિયાનો ખર્ચ કરે છે. તેમણે ખેડૂતો અને સહકારી મંડળીઓને આ દિશામાં કામ કરવા અને ખાદ્યતેલનાં ઉત્પાદનમાં રાષ્ટ્રને આત્મનિર્ભર બનાવવા વિનંતી કરી. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, સરકારે મિશન મોડમાં કામ કર્યું છે અને મિશન પામ ઓઈલ અને તેલીબિયાંનું ઉત્પાદન વધારવાની પહેલનાં ઉદાહરણો આપ્યાં હતાં. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, જ્યારે સહકારી મંડળીઓ સરકાર સાથે હાથ મિલાવશે અને આ દિશામાં કામ કરશે, ત્યારે રાષ્ટ્ર ખાદ્યતેલનાં ઉત્પાદનમાં આત્મનિર્ભર બની શકે છે. શ્રી મોદીએ સૂચન કર્યું હતું કે, સહકારી મંડળીઓ ખેડૂતોને પ્લાન્ટેશન ટેક્નોલોજી અને ઉપકરણની ખરીદી સાથે સંબંધિત તમામ પ્રકારની સેવાઓ અને માહિતી પ્રદાન કરી શકે છે. પ્રધાનમંત્રીએ પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજનાની ઉપલબ્ધિઓ પર પ્રકાશ પાડ્યો હતો અને ઉલ્લેખ કર્યો હતો કે, આ યોજના જળાશયની નજીક રહેતા ગ્રામજનો અને ખેડૂતો માટે વધારાની આવકનું માધ્યમ બની ગઈ છે. તેમણે માહિતી આપી હતી કે, મત્સ્યપાલન ક્ષેત્રમાં ૨૫,૦૦૦થી વધારે સહકારી મંડળીઓ કાર્યરત છે, જ્યાં ફિશ પ્રોસેસિંગ, ફિશ સૂકવણી, ફિશ ક્યોરિંગ, માછલીનો સંગ્રહ, ફિશ કેનિંગ અને માછલી પરિવહન જેવા ઉદ્યોગોને મજબૂત બનાવવામાં આવ્યા છે. તેમણે એવી પણ માહિતી આપી હતી કે, છેલ્લાં ૯ વર્ષમાં ઈનલેન્ડ મત્સ્યપાલન પણ બમણું થયું છે તથા આ અભિયાનમાં સહકારી ક્ષેત્રની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, માછલીની ખેતી જેવાં અનેક નવાં ક્ષેત્રોમાં પીએસીએસની ભૂમિકા વિસ્તરી રહી છે અને સરકાર દેશભરમાં ૨ લાખ નવી બહુહેતુક મંડળીઓનું નિર્માણ કરવાના લક્ષ્યાંક પર કામ કરી રહી છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, આ સાથે સહકારી મંડળીઓની તાકાત એ ગામડાં અને પંચાયતો સુધી પણ પહોંચી જશે, જ્યાં આ વ્યવસ્થા કાર્યરત નથી. છેલ્લાં થોડાં વર્ષોમાં એફપીઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાના સંદર્ભમાં પ્રધાનમંત્રીએ જાણકારી આપી હતી કે, ૧૦,૦૦૦ નવા એફપીઓની રચના પર કામ ચાલી રહ્યું છે અને ૫,૦૦૦ની રચના થઈ ચૂકી છે. "આ એફપીઓ નાના ખેડૂતોને મોટી શક્તિ આપવા જઈ રહ્યા છે. આ નાના ખેડૂતોને બજારમાં મોટું બળ બનાવવાનું સાધન છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, બીજથી લઈને બજાર સુધી, કેવી રીતે નાનો ખેડૂત દરેક વ્યવસ્થાને પોતાની તરફેણમાં ઊભી કરી શકે છે, કેવી રીતે તે બજારની શક્તિને પડકારી શકે છે, આ તેના માટેનું એક અભિયાન છે. શ્રી મોદીએ વધુમાં જણાવ્યું હતું કે, સરકારે પીએસી મારફતે પણ એફપીઓની રચના કરવાનો નિર્ણય લીધો છે, જે આ ક્ષેત્રમાં અમર્યાદિત સંભાવનાઓ ખોલે છે. પ્રધાનમંત્રીએ ખેડૂતોની આવક વધારવાનાં અન્ય પગલાંઓ જેવાં કે મધનું ઉત્પાદન, જૈવિક ખાદ્ય પદાર્થો, સોલર પેનલ્સ અને જમીનનાં પરીક્ષણ વિશે પણ વાત કરી હતી તથા સહકારી ક્ષેત્રમાંથી સાથ સહકારની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. પ્રધાનમંત્રીએ તાજેતરમાં જ રસાયણ મુક્ત ખેતીના સંદર્ભમાં પીએમ-પ્રણામ યોજનાનો ઉલ્લેખ કર્યો હતો, જેનો ઉદ્દેશ રાસાયણિક મુક્ત ખેતીનો પ્રચાર કરવાનો અને વૈકલ્પિક ખાતરોના ઉપયોગને પ્રોત્સાહન આપવાનો છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ માટે પણ સહકારી મંડળીઓના ટેકાની જરૂર પડશે. તેમણે સહકારી મંડળીને કૃષિમાં રસાયણોનો ઉપયોગ ન થાય તે માટે દરેક જિલ્લામાં ૫ ગામોને દત્તક લેવા જણાવ્યું હતું. પ્રધાનમંત્રીએ ગોબરધન યોજના પર પ્રકાશ પાડ્યો હતો, જેમાં સમગ્ર દેશમાં 'કચરાથી કંચન'માં પરિવર્તિત કરવા માટે કામગીરી થઈ રહી છે. તેમણે માહિતી આપી હતી કે સરકાર પ્લાન્ટ્સનું એક વિશાળ નેટવર્ક તૈયાર કરી રહી છે જે ગાયનાં છાણ અને કચરાને વીજળી અને જૈવિક ખાતરોમાં ફેરવે છે. પ્રધાનમંત્રીએ માહિતી આપી હતી કે, અત્યાર સુધીમાં ઘણી કંપનીઓએ દેશમાં ૫૦થી વધારે બાયોગેસ પ્લાન્ટ્સનું નિર્માણ કર્યું છે તથા સહકારી મંડળીઓને આગળ આવવા અને ગોબરધન પ્લાન્ટ્સને ટેકો આપવા અપીલ કરી હતી. તેમણે ઉલ્લેખ કર્યો હતો કે, તેનાથી માત્ર પશુપાલકોને જ નહીં પરંતુ રસ્તાઓ પર ત્યજી દેવાયેલાં પ્રાણીઓને પણ ફાયદો થશે. પ્રધાનમંત્રીએ ડેરી અને પશુપાલનનાં ક્ષેત્રમાં હાથ ધરવામાં આવેલાં સંપૂર્ણ કાર્યો તરફ પણ ધ્યાન દોર્યું હતું. તેમણે નોંધ્યું હતું કે, મોટી સંખ્યામાં પશુપાલકો સહકારી ચળવળ સાથે સંકળાયેલા છે. ફૂટ એન્ડ માઉથ રોગોનું ઉદાહરણ ટાંકીને પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, લાંબા સમયથી આ રોગ પ્રાણીઓ માટે મોટું સંકટનું કારણ રહ્યો છે, ત્યારે દર વર્ષે પશુપાલકોને પણ હજારો કરોડ રૂપિયાનું મોટું નુકસાન થાય છે. તેમણે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારે પ્રથમ વખત દેશભરમાં મફત રસીકરણ અભિયાન શરૂ કર્યું છે જ્યાં ૨૪ કરોડ પ્રાણીઓને રસી આપવામાં આવી છે. તેમણે એમ પણ ધ્યાન દોર્યું હતું કે એફએમડીને હજી સુધી નાબૂદ કરવાનો બાકી છે. તેમણે સહકારી મંડળીઓને આ માટે આગળ આવવા વિનંતી કરી, પછી ભલે તે રસીકરણ અભિયાન હોય કે પ્રાણીઓને શોધવાનાં હોય. શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, પશુપાલકો જ ડેરી ક્ષેત્રમાં ભાગીદાર નથી, પણ આપણાં પ્રાણીઓ સમાન હિતધારક છે. પ્રધાનમંત્રીએ સહકારી મંડળીઓને સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલાં વિવિધ મિશનોને પૂર્ણ કરવામાં યોગદાન આપવા અપીલ કરી હતી. તેમણે અમૃત સરોવર, જળ સંરક્ષણ, પર ડ્રોપ મોર ક્રોપ, માઈક્રો ઈરિગેશન વગેરે જેવાં મિશનમાં જોડાવા જણાવ્યું હતું. પ્રધાનમંત્રીએ સ્ટોરેજના વિષય પર પણ વાત કરી હતી. તેમણે કહ્યું કે સંગ્રહ સુવિધાઓના અભાવને કારણે ઘણા લાંબા સમયથી ખાદ્ય સુરક્ષા સામે મોટો પડકાર છે. તેમણે કહ્યું કે આપણે જે અનાજનું ઉત્પાદન કરીએ છીએ તેમાંથી ૫૦ ટકા કરતા પણ ઓછા અનાજનો સંગ્રહ કરી શકીએ છીએ. તેમણે માહિતી આપી હતી કે કેન્દ્ર સરકાર વિશ્વની સૌથી મોટી સ્ટોરેજ યોજના લઈને આવી છે અને છેલ્લા ઘણા દાયકાઓમાં કુલ ૧૪૦૦ લાખ ટનની સરખામણીએ આગામી પાંચ વર્ષમાં ૭૦૦ લાખ ટન સ્ટોરેજ ક્ષમતા ઊભી કરવાની યોજના છે. તેમણે માહિતી આપી હતી કે, કૃષિ માળખાગત સુવિધા માટે એક લાખ કરોડ રૂપિયાનું ભંડોળ ઊભું કરવામાં આવ્યું છે અને છેલ્લાં ત્રણ વર્ષમાં તેમાં રૂ. ૪૦,૦૦૦ કરોડથી વધારેનું રોકાણ કરવામાં આવ્યું છે. આ રોકાણનો મોટો હિસ્સો પીએસીએસીનો છે અને તેમણે જણાવ્યું હતું કે ફાર્મગેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનાં નિર્માણમાં સહકારી મંડળીઓ તરફથી વધુ પ્રયત્નોની જરૂર છે. સંબોધનનાં સમાપનમાં પ્રધાનમંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, સહકારી મંડળીઓ નવા ભારતમાં દેશના આર્થિક સ્રોતનું એક શક્તિશાળી માધ્યમ બની જશે. તેમણે સહકારી મૉડલને અનુસરીને આત્મનિર્ભર બને તેવાં ગામોનાં નિર્માણની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. તેમણે સહકારી મંડળીમાં સહકાર સુધારવાનું સૂચન પણ કર્યું હતું અને કહ્યું હતું કે સહકારી ક્ષેત્ર રાજકારણને બદલે સામાજિક નીતિ અને રાષ્ટ્રીય નીતિનું વાહક બનવું જોઈએ. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહ, કેન્દ્રીય સહકારિતા રાજ્યમંત્રી શ્રી બી એલ વર્મા, એશિયા પેસિફિક માટે આંતરરાષ્ટ્રીય સહકારી જોડાણના અધ્યક્ષ ડૉ. ચંદ્રપાલ સિંહ યાદવ અને નેશનલ કોઓપરેટિવ યુનિયન ઓફ ઈન્ડિયાના અધ્યક્ષ શ્રી દિલીપ સંઘાણી ઉપસ્થિત રહ્યા હતા.



એ જરૂરી છે કે સહકારી ક્ષેત્ર પારદર્શકતા અને ભ્રષ્ટાચાર મુક્ત શાસનનું મોડલ બને

તંત્રી સ્થાનેથી.....

૧ લીજુલાઈ સમગ્રવિશ્વમાંડોક્ટર્સ ડેતરીકે ઉજવાય છે. આજના સમાજના કલ્યાણઅર્થે અનેલોકોને પીડામુક્ત કરવા દિવસરાતઆપણી સેવામાંસેવારત તબીબોનીનિષ્ઠા અને કામગીરીને બિરદાવીશકાય છે. આજે અમદાવાદ સિવિલ હોસ્પિટલનાએક એવાજ તબીબનીવાતકરવી છે કે જેઓ બાળરોગ સર્જન છે પરંતુ સિવિલ હોસ્પિટલનું મેનેજમેન્ટ સંભાળતાતેમણે સિવિલમાંનવીનતમસેવાઓનું નવસર્જન કર્યું. સિવિલ હોસ્પિટલમાં વર્ષોથી બાળરોગ સર્જરી વિભાગમાં ફરજ બજાવતા અને હાલ બાળરોગ સર્જરી વિભાગના વડા ડૉ. રાકેશ જોષી કે જેઓ કોરોનાકાળમાંસિવિલ હોસ્પિટલનાએડિશન મેડિકલ સુપ્રીટેન્ડન્ટ હતા. કોરોનાકાળમાં પણ અધિક તબીબીઅધિક્ષક તરીકેસરાહનીય સેવાઓ આપ્યા બાદ પહેલી સપ્ટેમ્બર ૨૦૨૧ ના રોજ તેઓને સિવિલ હોસ્પિટલમાં સેવાનું સુકાન સોંપવામાં આવ્યું. સિવિલ હોસ્પિટલમાં સેવાનું સુક્રાન સંભાળ્યા બાદ તેઓએ સિવિલહોસ્પિટલમાંહોસ્પિટલમાં ગુણવતાસભર સેવાઓની સાથે હોસ્પિટાલીટી પર પણ ધ્યાન કેન્દ્રીત કરીને ઘરખમ બદલાવ હાથ ધર્યા. રાજય સરકાર,સમગ્ર આરોગ્ય વિભાગ, સેવાભાવી સંસ્થાઓના સહયોગથી તેઓએ સિવિલ હોસ્પિટલમાં વિકાસનો નવો ઈતિહાસ રચ્યો. સૌપ્રથમ કોરોનાકાળની વચ્ચે તેઓએ અંગદાનની સેવાકીય પ્રવૃતિને વેગવંતી બનાવી. તેમના ૨૧ મહિનાનાકાર્યકાળમાં સિવિલહોસ્પિટલમાં ૧૧૦જેટલા અંગદાન થયા. ડૉ. જોષીના નેતૃત્વમાં સિવિલ હોસ્પિટલની ટીમે આદરેલી અંગદાનનીસેવાકીય પ્રવૃતિનીસુવાસ સમગ્રરાજયમાં પ્રસરી અને આજે સમગ્ર રાજયમાં અંગદાનની પ્રવૃતિ વેગવંતીબની છે. કોઈએ લગીરેય વિચાર્યું નહોય તેવુંસરકારી હોસ્પિટલમાંવેલેટ પાર્કિંગની સુવિધા પ્રવર્તન બનાવી. જેમાં અત્યારસુધીમાં ૨૮૯૯ જેટલા લોકોએ લાભ મેળવ્યા. સિવિલ હોસ્પિટલમાંઉપલબ્ધ આસેવા – સુવિધાઓનાપરિણામે આજે ગરીબ અને મધ્યમવર્ગીય ઉપરાંત માલેતુજાર વર્ગ પણ સિવિલ હોસ્પિટલમાં સારવાર મેળવવા આવેછે. સિવિલ હોસ્પિટલ ખાતે રાજય તેમજ રાજય બહાર થી વેન્ટીલેટર તેમજ સઘન સારવારની જરુરીયાત વાળા ખુબજ ગંભીર દર્દીઓ આવતા હોય છે આવા દર્દીઓ ને આઈ સીયુ બેડવહેલામાં વહેલીતકે મળેઅને તેઓને ઓછા માંઓછો સમય અમ્બુ બેગઉપર રહેવુપડે તેમાટે દર્દીઓના દર્દનીસંવેદનાઅનુભવતા ડૉ. જોષી એ સિવિલ હોસ્પિટલમાં આઈસીયુ બેડની સંખ્યા ૮૫ થી વધારી ૧૧૦ની કરવાનુ ભગીરથકામ કર્યુંછે. એશિયાનીસૌથી મોટી સિવિલ હોસ્પિટલમાં આતરિક અવર-જવર માટે તેમણે પોલો કારની સુવિધા શરૂ કરાવી.

આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં રાજયની મહાનગરપાલિકાઓની સમીક્ષા બેઠક

શહેરી વિસ્તારમાં સ્સીકરણનો વ્યાપ વધારવા અને વાહક જ્ય તેમજ એપિડેમિક રોગચાળા નિયંત્રણની સત્વરે કાર્યવાહી હાથ ધરવા મંત્રીશ્રી ઋષિકેશ પટેલે સૂચના આપી

કમલમ્ ન્યુઝ,
રાજયના આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે રાજયની મહાનગરપાલિકાઓમા આરોગ્ય સેવાઓને લગતી સમીક્ષા બેઠક યોજાઈ હતી. આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલ એ ગાંધીનગર ખાત વચ્ચેઅલબેઠક યોજીને રાજયની ૮ મહાનગરપાલિકાના કમિશનરશ્રી સાથે આરોગ્ય લક્ષી મુદ્દાઓપર સર્વગ્રાહી સમીક્ષા હાથ ધરી હતી. આ બેઠકમાં આરોગ્યમંત્રીશ્રી ઋષિકેશ પટેલે મહાનગરપાલિકાઓમાંહેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર , UPHC માં જરૂરી માનવસંસાધનની પૂર્તિ કરવાનો એકશન પ્લાન સત્વરે તૈયાર કરીને જરુરી કાર્યવાહી કરવા સૂચના આપી હતી. વધુમાં સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ, રોગચાળા નિયંત્રણ , ૧૦૮ ની સેવાઓ, કુપોષણ, બાળ મૃત્યુદર માતા મૃત્યુદર માં ઘટાડો જેવા વિષયો પર પણ વિગતવાર ચર્ચા-વિચારણા હાથ ધરાઈ હતી. રાજયના શહેરી વિસ્તારમાં વાહક જન્ય રોગોનું પ્રમાણઘટાડવાપગલા લેવા, ટેલી કન્સલટેશનનો વ્યાપ વધારવા, પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાનને વેગવંત બનાવીને ટીબીને જળમૂળમાંથી નાથવાની દિશામાં સઘન પ્રયાસો હાથ ધરવા માટે મંત્રીશ્રીએ આ બેઠકમાં અનુરોધ કર્યો હતો. આ બેઠકમાં આરોગ્ય વિભાગ અધિક મુખ્ય સચિવ શ્રીમનોજ અગ્રવાલ, શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવશ્રી અશ્વિનીકુમાર, આરોગ્ય કમિશ્નર શ્રી શાહમિના હુસેન , NHM ના ડાયરેક્ટર રેમ્યા મોહન, આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિતરહ્યા હતા.

કમલમ્ ન્યુઝ,
માંડલ ઉર્મિયા વાડી ખાતે આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ ૨૦૨૩ અંતર્ગત શ્રી અન્ન તથા પ્રાકૃતિક કૃષિ અંગે પરીસંવાદ તેમજ વિવિધસહાય યોજનાઓનો મંજૂરીવિતરણ કાર્યક્રમ યોજાયોઆ કાર્યક્રમ માં ધારાસભ્ય શ્રી હાર્દિકભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાતની ભાજપ સરકારના ભગીરથ પ્રયાસથી માંડલ અને દેત્રોજ તાલુકાના ૬૫૪ ખેડૂતોને કમ્બાઈન હાર્વેસ્ટર, ટ્રેકટર, કલ્ટીવેટર, ગોઠાળિ, પાવર થ્રેસર, રોટાવેટર અને માલ વાહક સાધનો ઉપર મોટા પ્રમાણમાં સહાયમાં આપવામાં આવી. વિરમગામ, માંડલ અને દેત્રોજ તાલુકાના ૧૧૯૯ ખેડૂતોને રૂપિયા ૭૪.૭૩ લાખની સહાય કરવામાં આવી.

આપણે આજે સ્વતંત્રતા માણી શકીએ છીએ તેની પાછળ લાખો સ્વાતંત્ર્ય સેનાનીઓએ બલીદાન આપ્યા છે - કલેકટરશ્રી જી.ટી.પંડ્યા

'આવો મળીને યાદ કરીએ, વીરોના એ બલિદાનને સાથે મળી સન્માનીએ માતૃભૂમિના લાલને'

કમલમ્ન્યુઝ,ઘનશ્યામ સંઘાણી
મોરબીજિલ્લા કલેકટરશ્રી જી. ટી.પંડ્યાના અધ્યક્ષસ્થાને સ્વાતંત્ર્ય સેનાનીસન્માન સમારંભ કાર્યક્રમ યોજાયોહતો. જે અનવ્યે જિલ્લાના ૬ (છ) સ્વાતંત્ર્ય સેનાનીઓના વારસદારોનુ કલેકટરશ્રીના હસ્તે સન્માન અભિવાદન કરવામાં આવ્યું હતું. આવોમળીને યાદકરીએ, વીરોના એ બલિદાનને સાથે મળી સન્માનીએ માતૃભૂમિના લાલને એવાઉદેશસાથેરાજયસરકાર દ્વારા સ્વાતંત્ર્ય સેનાનીઓનું સન્માન કરવામાં આવીરહ્યું છે.

જેઅન્વયે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ મોરબી જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રીની ક્ચેરીતથા જિલ્લા વહીવટીતંત્ર દ્વારાસ્વાતંત્ર્ય સેનાની સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આકાર્યક્રમમાં પ્રાસંગિક પ્રવચન આપતા કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર આઝાદીના લડવૈયાઓનું સન્માન કરવામાં આવીરહ્યું છે. રાષ્ટ્રપિતા ગાંધીજીના આદ્યાત્મિક ગુરૂશ્રીમદ્ રાજચંદ્રજી આપણામોરબીના હતા જે આપણા માટે ગર્વની વાત છે. આપણા સ્વાતંત્ર્ય સેનાનીએ અંદમાન નિકોબારની જેલમા કાળાપાણીની સજા પણ વેઠી છે. આ તમામ સ્વાતંત્ર્ય સેનાનીઓ થકી આપણે આઝાદી માણી શકીએ છીએ. કારણ કે આવા અનેક સ્વાતંત્ર્ય સેનાનીઓના લાખોબલીદાન પછી આપણને આઝાદી મળી શકી છે. આ તકે આ તમામ સ્વાતંત્ર્ય સેનાનીઓને રાજ્ય સરકારશ્રી વતિ કલેકટરશ્રીએલાખ લાખવંદન કર્યા હતા. આ કાર્યક્રમમાં ગાંધીજીના આધ્યાત્મિક ગુરુ એવા શ્રીમદ્ રાજચંદ્રજી, આર્યસમાજ સ્થાપકશ્રી દયાનંદ સરસ્વતીજી, ખાખરેચી સત્યાગ્રહ માટે શ્રી લીંબા દેવસી પારજીયા(પટેલ), વિરમગામ સત્યાગ્રહ માટે શ્રી મોહનલાલ તુલશીદાસ પટેલ, ખાખરેચી સત્યાગ્રહ માટે શ્રી ગંગારામ બેચરભાઈ બાપોદરીયા અને ૧૯૪૨ની હિંદ છોડો ચળવળ માટે શ્રી મેઘજીભાઈ દેવજીભાઈ ડાભી સહિતના તમામ સ્વાતંત્ર્ય સેનાનીઓના વારસદારો/ પ્રતિનિધિઓનું આ સ્વાતંત્ર્ય સેનાનીઓની ભૂમિકા અને બલિદાન માટે સન્માન/અભિવાદન કરવામાં આવ્યું હતું. આકાર્યક્રમનું સંચાલન શ્રી દિનેશભાઈ વડસોલાએ કર્યુ હતું.આ પ્રસંગને જિલ્લા કલેકટરશ્રીજી.ટી. પંડ્યા, નિવાસીઅધિક કલેકટરશ્રી એન. કે. મુછાર, જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી હિરલબેન પંડ્યા, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી પ્રવિણભાઈ અંબારિયા, જિલ્લા રમત ગમત અધિકારીશ્રી બુધાભાઈ નાકિયા, મોરબી પ્રાંત યુવા વિકાસ અધિકારીશ્રી સત્ય જીતભાઈ વ્યાસ તેમજ સ્વાતંત્ર્ય સેનાનીઓના વારસદારો અને પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત અરવલ્લી જિલ્લાના સ્વતંત્રતા સેનાનીઓના પરિવારોનું સન્માન કરવામાં આવ્યું

કમલમ્ન્યુઝ,પાર્થિક ભટ્ટ
આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ભારત દેશને સ્વતંત્રતા અપાવવામાં અમૂલ્ય યોગદાન આપનાર સ્વતંત્રતા સેનાનીઓના પરિવારજનોને અરવલ્લી જિલ્લા કલેકટર શ્રી પ્રશક્તિપારિક દ્વારાજિલ્લાના ત્રણ સ્વાતંત્રતા સેનાનીના પરિવાર સભ્યોનું સાલ અને મોમેન્ટો આપીને સન્માનિત કરવામાં આવ્યા.જેમાં સ્વ. શ્રી આનંદીલાલ હરિશંકર દાસ પંડ્યા, સ્વ. શ્રી નટવરલાલ ચુનીલાલ મહેતા, સ્વ શ્રી જયંતીલાલ દલસુખદાસ રામી ના પરિવારજનોને સન્માનિત કરવામાં આવ્યા.આઝાદીની લડત દરમિયાન આ સ્વતંત્રતા સેનાનીઓએ પોતાની કે પોતાના પરિવારોની ચિંતા કર્યા વગર આઝાદીની લડતમાંપોતાની જાતને હોમીદીધી. જેમાંસ્વદેશી ચળવળ, નોકરી ધંધાને તિલાંજલી આપવી, વિદેશી કાપડના બહિષ્કારની ઝુંબેશમાં અને એવી અનેક ગતિવિધિઓમાં ભાગ ભજવીને દેશને આઝાદી અપાવવામાં મહત્વનો ફાળો આપ્યો હતો. તેવા સ્વતંત્રતા સેનાનીઓના પરિવારોને સન્માનિત કરીને આજે અરવલ્લી જિલ્લા વહીવટી તંત્ર ગૌરવની લાગણી અનુભવે છે. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પોલીસઅધિક્ષકશ્રી, જિલ્લા રમતગમત અધિકારીશ્રી ઉપસ્થિત રહ્યા.

અંકલેશ્વર ની શાળાઓ માં આરોગ્ય કેન્દ્ર દ્વારા ઘનુર અને ડિપ્થેરિયા ની રસી મુકવાની શરૂઆત કરાય

રાજ્ય સરકાર ની અનોખી પહેલ

કમલમ્ન્યુઝ,નરેન્દ્ર પટેલ
અંકલેશ્વર તાલુકા આરોગ્ય વિભાગ દ્વારા શહેર ,ગ્રામ્ય અને જીઆઈડીસી નોટીફાઈડ વિસ્તાર માં અલગ અલગ ટિમો બનાવી શાળાઓ માં પહોંચી ૧૦ વર્ષ અને ૧૬ વર્ષ ના બાળકો ને ઘનુર અને ડિપ્થેરિયા ની રસી મુકવાની શરૂઆત કરવામાં આવી છે , . રાજય સરકાર તરફથી TD ની રસીને લઈને કેટલી મોટી અને મહત્વની માહિતીજાહેર કરવામાં આવી છે. જેમાં આ રસી કેવા રોગ સામેરોગપ્રતિકારક શક્તિ વધારે છે અને કોણ લઈ શકે એને લઈને સ્પષ્ટતા કરવામાંઆવી છે. આરસી ટિટેનસ એટલે કે ઘનૂર અને

૧૦ વર્ષ અને ૧૬ વર્ષ ના બાળકો ને ટીડીરસી મુકવાનું અભિયાન હાથ ધરાયુ

ડિપ્થેરિયાને અટકાવી શકે છે. આ રોગ સામે સમયસર સારવારના પગલાં ન લેવામાં આવે તો રોગ ઘાતકી બની જીવલેણ પુરવાર થઈ શકે . TD રસી : ઘનૂર અને ડિપ્થેરિયાની મારક રસીની અગત્યની જાણકારી સરકારે શેર કરી છે, TD રસી ૧૦ અને ૧૬ વર્ષ નીવય કિશોર કિશોરીઓ લેવી જ જોઈએ. શાળાએ જતા તરુણોના કિસ્સામાં, ધોરણ ૫ અને ધોરણ ૧૦ ના તમામ વિદ્યાર્થીઓએ TD રસી લેવી આવશ્યક છે .ત્યારે અંકલેશ્વર તલુકાઆરોગ્ય વિભાગ દ્વારા અંકલેશ્વર ગ્રામ્ય ,શહેર અને જીઆઈડીસી વિસ્તાર માં આવેલ શાળાઓ માં અભ્યાસ કરતા ૧૦ અને ૧૬ વર્ષ ની વય ના વિદ્યાર્થીઓ ને TD ની રસી મુકવાનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે ,આરોગ્ય વિભાગ ની અલગ અલગ ટિમો બનાવી ને શાળાઓ માં ૧૦ વર્ષ અને ૧૬ વર્ષ ની વયના વિદ્યાર્થીઓ ને TD રસી મુકવામા આવી હતી

માહિતી નિયામકશ્રીની કચેરીના વાહનચાલક શ્રી અશોકભાઈ ભોઈ વય નિવૃત

વાહનચાલક મિત્રો દ્વારા અપાઇ ભાવભરી વિદાય

કમલમ્ ન્યુઝ,
માહિતી નિયામકશ્રીની કચેરીના પ્રકાશન શાખામાં કાર્યરત વાહનચાલકશ્રીઅશોકભાઈભોઈ આજે વયનિવૃત્તથતાતમ્મો વાહનચાલક મિત્રો દ્વારા ભાવભરી વિદાય આપવામાં આવી હતી. ગાંધીનગર ખાતે યોજાયેલવિદાય સમારોહમાંશ્રી અશોકભાઈ ભોઈને શાલઅને મોમેન્ટો આપીને કચેરીના તમામ વાહનચાલક મિત્રો દ્વારા તેમનું સન્માન કરાયું હતુ. શ્રી અશોકભાઈ ભોઈએ માહિતી ખાતામાં ૩૩ વર્ષ સુધી સેવાઓ આપી છે . શ્રી ભોઈએ હિંમતનગર અને ગાંધીનગર ખાતે વિવિધ શાખાઓમાં ફરજ બજાવીછે. આ વેળાએ તમામ વાહન ચાલક મિત્રોએ શ્રી અશોકભાઈ સાથે સ્મરણોતાજા કરીનશ્રી ભોઈભાઈનું નિવૃત્તિ જીવન સુખમય અને નિરોગીમય રહે તેમજ પરિવાર સાથે વધુ સુખમય રીતે નવીઈનિંગ્સ વિતાવેએવી શુભેચ્છાઓઆપી હતી. નિવૃત્ત થતા શ્રી ભોઈ ભાઈએતમામ અધિકારી-કર્મચારીતેમજ વાહન ચાલકશ્રીઓદ્વારા મળેલ સહયોગને યાદ કરી તમામનોઆભાર વ્યકતકર્યો હતો.

ડાંગની વનરાજી થઈ નવપલ્લવિત જળધોધ થયા એક્ટિવ

કમલમ્ન્યુઝ,અમરનાથજગતાપ
અખૂટ કુદરતી સૌંદર્ય ધરાવતા ડાંગ જિલ્લામાંચોમાસાની શરૂઆત થતા જ અંહીની પ્રકૃતિએ નવા કલેવર ધારણ કરી લીધા છે. લીલી ચાદર ઓઢીનેનવપલ્લવિત થયેલીવનરાજીનજરને ઠંડક આપવાસાથેજંહનને પણ શાંતતા પ્રદાન કરી રહી છે. આહવા નગરના બસ્તે છેડે આવેલા 'શિવઘટ'અને 'યોગેશ્વર ઘાટ' નાજળધોધ જાણે કે શિવજીઅને શિવર્મંદિર ઉપર અભિષેક કરી રહ્યા હોય તેમ નિર્મળ જળ પ્રપાત વહાવી રહ્યા છે. સહેલાણીઓઅને પ્રકૃતિપ્રેમીઓ કુદરતનાઆ અણમોલ નજારાને માણવા ડાંગ તરફ દોટ મુકી રહ્યા છે.

તા.૧લી જુલાઈ: રાષ્ટ્રીય ડોકટર દિવસ

કમલમ્ન્યુઝ,મયુર પટેલ
ભારતમાં "રાષ્ટ્રીય ડોકટર્સ ડે"ની ઉજવણીની શરૂઆત સને ૧૯૯૧થી થઈ હતી. પશ્ચિમ બંગાળના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી ડૉ. બિધાનચંદ્ર રોયની સ્મૃતિમાં ૧૯૯૧થી કેન્દ્ર સરકાર દ્વારા દર વર્ષે સમગ્ર દેશમાં રાષ્ટ્રીય ડોકટર દિવસ ઉજવવામાં આવે છે. તેમનો જન્મ ૧ જુલાઈ ૧૮૮૨ના રોજ બિહારના પટણા શહેરમાં થયો હતો અને ૮૦વર્ષની આયુમાંતા.૧ જુલાઈ ૧૯૬૨ના રોજ અવસાન પામ્યા હતા. તેમણે કલકત્તાથી મેડિકલ ગ્રેજયુએશન પૂર્ણ કર્યુ, અને ૧૯૧૧માં લંડનમાં એમઆરસીપીનીઈડી મેળવીઅને ભારત પાછાઆવ્યા પછીતે જવર્ષે ભારતમાંડોકટર તરીકેનીતબીબી કારકીર્દિની શરૂઆત કરી. તેઓ દેશના એક પ્રખ્યાત ડોકટર, શિક્ષણવિદ્ તેમજ સ્વાંતત્ર્ય સેનાનીપણ હતા.

લોકપ્રિય સાંસદ શ્રી મનસુખભાઈ વસાવા ની ઉપસ્થિતી માં ભરૂચ જિલ્લાની જિલ્લાકક્ષાની દિશા (ડીસ્ટ્રીકટ ડેવલપમેન્ટ કો.ઓડીનેશન એન્ડ મોનીટરીંગ કમિટિ)ની સમીક્ષા બેઠક જિલ્લા આયોજન મંડળની, કચેરી ખાતે યોજવામાં આવી

કમલમ્ન્યુઝ,શૈશવ રાવ
લોકપ્રિય સાંસદ શ્રી મનસુખભાઈ વસાવા ની ઉપસ્થિતી માં ભરૂચજિલ્લાની જિલ્લાકક્ષાની દિશા (ડીસ્ટ્રીકટ ડેવલપમેન્ટ કો.ઓડીનેશન એન્ડ મોનીટરીંગ કમિટિ)ની સમીક્ષા બેઠક જિલ્લા આયોજન મંડળની, કચેરી ખાતે યોજવામાં આવી. આ બેઠકમાં ભરૂચ જિલ્લામાં અમલી સરકારશ્રીની પ્રજાકીય વિવિધ કલ્યાણકારી યોજનાઓના ઘનિષ્ટ અમલીકરણ થકીલક્ષિત લાભાર્થી જનસમુદાયને તેનો મહત્તમ ફાયદોથાય અને લોકોની સુખાકારી વધે તે દિશામાં સૌને સહિયારા પ્રયાસો કરવા ભારપૂર્વકનો ખાસ અનુરોધકર્યોહતો.તેમજ જિલ્લાની પ્રજાને પીવાના પાણી, રસ્તા, વિજળી જેવી પ્રાથમિક સવલતોને અગ્રીમતા આપવી જોઈએ તેમ ભારપૂર્વક જણાવ્યું હતું. તેમજ જિલ્લાના તમામ વિભાગના વિકાસક્રામોનાસુચારૂ અમલીકરણ માટે આંતરવિભાગીય સંકલન વધુ સુદૃઢ બનાવવાની સાથોસાથ મંજૂર

થયેલા વિકાસ કામો સંદર્ભે જે તે બાબતમાં હકારાત્મક અભિગમ સહિત તેના યોગ્ય ઉકેલ સાથે ઝડપથી હાથ ધરાય અને પ્રજાજનોને ગુણવત્તાયુક્ત વિકાસ કામોનોશક્ય તેટલોવહેલાસર લાભ મળી રહે તે જોવાની પણ તેમણે ખાસ હિમાયત કરી હતી. તદઉપરાંત જિલ્લામાં અમલી વિવિધ કલ્યાણકારી યોજનાઓની વિસ્તૃત સમીક્ષા કરી હતી. જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી ગારંટી યોજના, દિનદયાળ અંત્યોદય યોજના, દિનદયાળ ઉપાધ્યાય ગ્રામીણ વિકાસ કૌશલ્ય યોજના, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, નેશનલ સોશિયલ આસિસ્ટન્ટ યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના(શહેરી-ગ્રામીણ), સ્વચ્છ ભારત મિશન(શહેરી-ગ્રામીણ), રાષ્ટ્રીય ગ્રામીણ પેય જળ કાર્યક્રમ, પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના, ડીજીટલ ભારતીય જમીન દફતર અધ્યતીકરણ કાર્યક્રમ, દિનદયાળ ગ્રામજ્યોતિકાર્યક્રમ, શ્યામાપ્રસાદ મુખર્જી રૂર્બન મીશન, અટલ મીશન ફોર રજુવેનશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન, પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના, રાષ્ટ્રીય આરોગ્ય મીશન, સર્વ શિક્ષા અભિયાન, સંકલિત બાળ વિકાસ કાર્યક્રમ, મધ્યાહન ભોજન, પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના, પ્રધાનમંત્રી કૌશલવિકાસ યોજના, ડીજીટલ ભારત, પ્રધાનમંત્રી ખનીજક્ષેત્ર કલ્યાણ યોજના, સંકલિતઉર્જા વિકાસયોજના, કૃષિ વિકાસ, સોઈલ હેલ્થ કાર્ડ, કૃષિ સિંચાઈ યોજના, ત્વરીત સિંચાઈ, જળસ્રાવ વિસ્તાર વિકાસ, રોજગારી સર્જન કાર્યક્રમ, બેટી બચાઓ– બેટીપઢાઓ, સંસદસભ્ય સ્થાનિક વિસ્તાર વિકાસ યોજના, એટીવીટી યોજના, ન્યુ ગુજરાત પેટર્ન યોજના, નાણાંકીય કામગીરીની સમીક્ષાવિગેરે ક્ષેત્રોમાં જિલ્લામાં થયેલી કામગીરીની વિસ્તૃત અને ઝીણવટપૂર્વક સમીક્ષા કરી અમલીકરણ અધિકારીઓને જરૂરી સુચનાઓ સાથે માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું. તેમજ ભરૂચ જિલ્લાના છેવાડાના માનવીઓ સરકારશ્રીની યોજનાઓનો લાભ મળે તેના ધ્વારા તેઓના સર્વાંગી વિકાસ થાય તે જરૂરી છે તેમ જણાવીસરકારશ્રીની યોજનાઓની જાણકારી ગ્રામિણ વિસ્તારના લોકોને આપવા અધિકારીઓને અનુરોધ કર્યો હતો. આ બેઠકમાં મારી સાથે ધારાસભ્યોશ્રીઓ જિલ્લા કલેક્ટરશ્રીજિલ્લા વિકાસ અધિકારીશ્રી, નિવાસી અધિક કલેક્ટરશ્રી, જિલ્લા પંચાયત ના પ્રમુખ શ્રી ,જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી, પ્રાંત અધિકારીશ્રીઓ, પ્રાધ્યાપકો વહીવટદારશ્રી સહિત જિલ્લાના સંબંધિત અમલીકરણ અધિકારીશ્રીઓ,તાલુકાપંચાયતના પ્રમુખશ્રીઓ, આગેવાન પદાધિકારીઓ, ઉચ્ચ અધિકારીશ્રીઓ વિગેરે ઉપસ્થિત રહ્યાહતા.

૫૧ શકિતપીઠપૈકીના પાવગઢખાતે આવેલા શ્રી મહાકાળી માતાજી મંદિરના સર્વાંગી વિકાસ માટે રૂ.૧૨૧ કરોડખર્ચાશે

વડીલો સહિત ભક્તો મહાકાળી માતાજીના દર્શન કરવામાં સરળતા રહે તે માટે સરકાર દ્વારા રોપ- વે એક્સ્ટેશનની કામગીરી મંદિર પરિસર સુધી કરાશે



કમલમ્ ન્યુઝ,

તુંકાળી નેકલ્યાણી..., પાવા તે ગઢ થી ઉતર્યા.... પાવા વાગ્યા પાવગઢમાં અને હું તો પાવલી લઈને.... આવા અનેક ગુજરાતી ગરબા મહાકાળી માતાજી પર સાંભળવા મળે છે. પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકામાં આવેલા કુદરતી સોદર્યથી ભરપૂર પાવગઢ પર્વતઆવેલો છે. આ પર્વત પર ગુજરાતીઓનાઆસ્થાના કેન્દ્ર જગતજનની મા કાલિકાનું મંદિર આવેલું છે. વર્ષ દરમ્યાન લાખોની સંખ્યામાં ભકતો શ્રી મહાકાળી માતાજીના દર્શને આવે છે. માતાજીના દર્શન કરીને અને કુદરતી સોદર્ય નિહાળી ધન્યતા અનુભવે છે. ગુજરાતીઓના આસ્થા કેન્દ્ર સમા પાવગઢ સાથે અનેક દંતકથાઓલોકમુખે કહેવાય છે. એટલુંજ નહીં, અહીં ગૌરવવંતી ગુર્જરધરાનીચાંપાનેર ઐતિહાસિક વિરાસત પણ ભગ્નાવશેષ સ્વરૂપે ધરબાયેલીછે. અનેક કુદરતી તાંડવ અને ઝંઝાવાતો પછી પણ આ પાવાગઢ પર્વત અકબંધ અને અડીખમછે. લાખોશ્રદ્ધાળુઓઅને શક્તિ ઉપાસકો માટે આસ્થાનું પ્રતિક બનીરહ્યો છે. પાવગઢખાતે આવેલું ૫૧ શક્તિપીઠ પૈકીનું શ્રી મહાકાળી માતાજી મંદિરના સર્વાંગી વિકાસ અને ભકતોની સુવિધા માટે ગુજરાત સરકારના ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડદ્વારા સમગ્રપાવગઢના વિકાસ માટે વર્ષ- ૨૦૧૭માંરૂપિયા ૧૨૧ કરોડની વહીવટીમંજૂરી આપવામાં આવી હતી. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે તા. ૧૮મી જૂન, ૨૦૨૨ના રોજ રુપિયા ૧૨૧ કરોડના કામોનું લોકાર્પણ અને મંદિરની ધ્વજારોહણ વિધિ કરવામાંઆવી હતી. હવે, તો કહે છેકે, મંદિરનીરોનક બદલાઇ ગઇ છે.

સરકાર દ્વારા સમગ્ર પાવાગઢના સર્વાંગી વિકાસ બે તબક્કામાં સુચારું આયોજન કરવામાંઆવ્યું છે. પાવગઢમાંફેઝ- ૧માં પાવગઢમાં વાયડનીંગ ઓફ પાથ-વે, ટોયલેટ બ્લોક, પોલીસ બુથ, વોટર હટ, સીટીંગપેવેલીયન, ચોક, ઓટલા, ફુડ કોર્ટ, વોટર સપ્લાય એન્ડ ડ્રેનેજ, સાયનેજીસ વગેરે વિકાસકામમાં કરવામાંઆવ્યા છે. વાયડનીંગ ઓફ પાથ- વેની કુલ લંબાઈ ૩.૦૧ કિ.મી કરવામાં આવી છે. જેને કુલ ૨૫ સ્ટેચમાં વહેચવામાં આવી છે. જેમાં કુલ- ૨૩૭૪ પગથિયાનું નિર્માણ કરવામાં આવ્યું છે. ફેઝ- ૨માં મંદિરના પરિસરના વિસ્તૃતિકરણની કામગીરી કરવામાં આવી હતી. જેમાં હયાત મંદિર પરિસર ૫૪૫ ચો.મી.નું હતું. જે વિસ્તૃતિકરણ બાદમંદિર પરિસરનો એરિયા ત્રણ લેવલમાં વિસ્તારવામાં આવ્યો છે. જેમાં લેવલ – ૧ માં ૪૦૦ ચો.મી., લેવલ- ૨ ૧૩૯૫ ચો.મી., અને લેવલ- ૩માં ૧૧૮૫ ચો.મી. મળી કુલ- ૨૯૮૦ ચો.મી.નું વિસ્તૃતિકરણ કરવામાં આવ્યુ છે. તેમજ પાથ- વે વીજળીકરણ, પબ્લીક એડ્રેસ સિસ્ટમ તથા સી.સી.ટી.વી.ની કામગીરીનો સમાવેશ કરવામાં આવ્યો છે. આરમણીય યાત્રાધામ તળેટી, માંચી અને શ્રી મહાકાળી માતાજીનું મંદિર એમ મુખ્યત્વે ત્રણ ભાગમાં વહેંચાયેલું છે. ફેઝ- ૩માં પાવગઢ યાત્રાધામમાં તળેટીના વિસ્તાર માંચી ચોક ખાતે ભક્તોને પુરતી પાયાની સુવિધા ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે. ભક્તોને માંચ ચોક ખાતે ખાણીપીણીના સ્ટોલ, ઈન્ફોર્મેશન સેન્ટર, હેલ્થ, પોલીસ, વોટર સપ્લાય, વીજળી અને એડમીન બ્લોક બનાવવા માટે સરકારે વર્ષ- ૨૦૨૨-૨૩ના વર્ષમાં રૂપિયા ૧ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવી છે. પાવાગઢ યાત્રાધામ ખાતે આવનારા યાત્રાળુઓની સુવિધા માટે ફેઝ- ૩ 'એ' માં માંચી ચોક ખાતે ઓફિસ બ્લોક – એનું બાંધકામ, ચાચર ચોકનું સ્ટોન ફ્લોરિંગ, મલ્ટી લેવલ પાર્કિંગ, શૌચાલય, પ્રવેશ દ્વાર, સાઈનેજીસ, ફાયર- ફાઈટીંગ, વોટર સપ્લાય, ડ્રેઈનેજીસ અને ઈલેક્ટ્રીફીકેશનની કામગીરી અંદાજે રૂપિયા ૧૩ કરોડના ખર્ચે કરવામાં આવનાર છે. યાત્રાધામ પાવગઢ ખાતે લાખોની સંખ્યામાં ભક્તો આવતા હોવાની વાતને ધ્યાનમાંરાખીને સરકાર દ્વારા ફેઝ- ૩- બી માં ચાંપાનેર ખાતે ૨- પાર્કિંગ, ચાંપાનેરના અંદર અને બહારના રસ્તાની કામગીરી, ફોર્ટનું લાઈટીંગ- ઈલેક્ટ્રીફીકેશનની કામગીરી રૂપિયા ૪૦ કરોડથી વધુના ખર્ચે કરવામાં આવનાર છે. જેની કામગીરી ટુંક સમયમાં શરૂ કરવામાંઆવશે. જગતજનની મા કાલિકાના મંદિરનો માસ્ટરપ્લાનિંગ કરીતેનો સર્વગ્રાહી વિકાસ થાય તે હેતુંથી સરકારે કુલ પ્રોજેકટરકમ ૨૩૮ કરોડના ખર્ચે વિવિધ વિભાગોની કામગીરી માટે નાણાકીય વર્ષ- ૨૦૨૩-૨૪માં નવી બાબત રૂપે રૂપિયા ૧૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જેને સૈધ્ધાંતિકમજૂરી આપવામાં આવીછે. વડીલો સહિત ભક્તો મહાકાળી માતાજીના દર્શન કરવામાં સરળતા રહે તે માટે સરકાર દ્વારા રોપ-વે એક્સ્ટેશનની કામગીરી હેઠળ મંદિર પરિસર સુધી પહોંચી શકાય તે માટે હાઈડ્રોલિક લીફટની કામગીરી કરવામાં આવી રહી છે. તેમજ ૫ હજાર કરતા વધુભકતો જમી શકે તે માટે ભોજનાલય બનાવવામાં આવનાર છે. રાજયસરકારના આ પ્રયાસોથી આ તીર્થસ્થાનમાં શ્રધ્ધા સાથેસુવિધાનો સંગમ થશે. જેનાથી વધુને વધુમાઈ ભકતોમાના દર્શને ઉમટી પડશે.

ડૉકટર દિવસ નિમિત્તે સિવિલ હોસ્પિટલમાં સેવા આપતા ડૉકટરના શુભેચ્છા સંદેશ





કમલમ્ ન્યુઝ,

સમાજને સ્વસ્થરાખવાનું કામ કરતા ડૉકટરોને સન્માનવા અને તેમના યોગદાનની કદર કરવા દર વર્ષે ભારતમાં દર વર્ષે ૧લી જુલાઈના રોજ 'રાષ્ટ્રીય ડોક્ટર દિવસ' તરીકે ઊજવવામાં આવે છે. વિશ્વ કોરોના મહામારી દરમિયાન ડૉકટરોના અતુલનીય યોગદાનથી સુપરિચિત છે. આજે ડૉકટર્સ ડે નિમિત્તે અમદાવાદના જાણીતા ડૉકટર દ્વારા આપવામાં આવેલા વિશેષ સંદેશા મેળવીએ. અમદાવાદ સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડૉ. રાકેશ જોષી રાષ્ટ્રીય ડૉકટર્સડે નિમિત્તે સર્વે ડોકટર મિત્રોને શુભકામનાઓ પાઠવવાસાથે જણાવેછે કેઆજે સમાજનોદરેક વર્ગ ડૉક્ટર પ્રત્યે આશા રાખે છે. રોગથી પીડાતોદર્દી ડૉક્ટર પ્રત્યે સહાનુભૂતિપૂર્વકના વર્તનની અપેક્ષા રાખતોહોય છે. ત્યારે આપણે સૌ ડૉકટરોએ તમામ દર્દીપ્રત્યે એવું વલણ અપનાવવું જોઈએ જેથી તેમનું અડધુંદર્દ ગાયબ થઈ જાય. આજનો આ દિવસ ડૉકટરોની સેવાને બિરદાવવાનો દિવસ છે, એવું તેમણે ઉમેર્યું હતું. મેડિસિન વિભાગના યુનિટ હેડ અને એસોસિયેટ પ્રોફેસર ડૉ. કાર્તિકેય પરમારે જણાવ્યું હતું કે આજના ખાસદિવસે એટલુંજરૂર કહીશકે કોઈપણ બીમારીમાં ડૉકટર ખૂબ મહત્ત્વનો ભાગ ભજવેછે. ડૉક્ટર દર્દીને રોગમુક્ત કરવા માટે અથાક પ્રયત્ન કરતો હોય છે. આપણે ડોકટર બન્યા છીએ તો આપણે આપણા સમાજની સેવા કરીએ. વધુમાં તેમણે જણાવ્યું કે, કોરોના જેવી મહામારીમાં પણ પેરામેડીકલ સ્ટાફથી લઈ ડૉક્ટર સુધી તમામ લોકો ખડેપગે રહ્યા. બસ આવી જ રીતે સમાજની અને દેશની સેવામાં આપણે અવિરતપણે કાર્ય કરતા રહેવું જોઈએ, એમ ઉમેરી ડૉકટર્સ ડેની શુભકામના પાઠવી હતી. સિવિલ હોસ્પિટલના પીડિયાટ્રિક વિભાગના એસોસિયેટ પ્રોફેસર ડૉ. ચારુલ મહેતાજણાવે છે કે એક ડૉક્ટર તરીકે સેવા કરવાની પ્રેરણા મને મારા ડોકટર પિતા પાસેથી મળી છે. હું ડોકટર દિવસ નિમિત્તે સર્વે ડૉકટરોને કહેવા માંગુછું કે, આપણે કોઈપણ દર્દીને એક દર્દી તરીકે નહીં પરંતુ પરિવારજન ગણીને પારિવારિક વાતાવરણમાં સારવાર આપવી જોઈએ. સર્વે ડોકટર્સને શુભેચ્છાઓ. સિવિલ હોસ્પિટલ, અમદાવાદના ગાયનેક વિભાગના હેડ ડૉ. એ. યુ. મહેતાએ સર્વે ડૉકટર મિત્રોને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે અત્યારના સમયમાં હોસ્પિટલમાં આવતા તમામ દર્દી અનેક રોગથી પીડાતા હોય છે સાથે તેમના મનમાં અનેક પ્રકારની મૂંઝવણ પણ ચાલતી હોય છે, તેવા સમયે આપણે સૌ ડોકટરોની ફરજ બને છે કે, દર્દી અને તેના પરિવાર સાથે સંતોષપૂર્વક પરામર્શ કરી તેમને માનસિકરીતે સ્વસ્થ કરવા. જેટલોવધુસમય આપણે દર્દીને આપી શકીએ તેટલો આપીએ, એવું તેમણે ઉમેર્યું હતું. સિવિલ હોસ્પિટલના ઓર્થોપેડિક વિભાગના હેડઅને પ્રોફેસર ડૉ. હિમાંશુ પંચાલે સર્વે ડૉકટર મિત્રોને શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કેઆજના સમયે ડૉકટર અને દર્દી વચ્ચેના સંબંધમાં થોડી ઊણપ આવી રહી છે, ત્યારે ડૉકટર અને દર્દી વચ્ચેનું અંતર અને વ્યાવસાયિકપણું વધીરહ્યું છે તેને દૂર કરીએ. આપણી જાહેર આરોગ્ય પ્રત્યેની ફરજને નિષ્ઠાપૂર્વક નિભાવીએ, એવો ભાવ તેમણે વ્યક્ત કર્યો હતો.

ગાંધીનગર માહિતી પરિવાર દ્વારા અપાયું ભાવભર્યું વિદાયમાન

માહિતી ખાતાની ૩૯ વર્ષની સેવાઓ બાદ સંયુકત માહિતી નિયામક શ્રી જી.એફ. પાંડોર વયનિવૃત્ત : નાયબ માહિતી નિયામક શ્રી આઈ.એમ. ઠાકોર, સહાયક માહિતી નિયામક શ્રીમતી લીતીબેન અને શ્રી એમ.એન. રાઠોડ પણ વય નિવૃત્ત

નિવૃત્ત બાદનું જીવન નિરોગીમય અને પરિવારમાં સુખમય રીતે સમય પસાર કરે તેવી શુભેચ્છા આપતા માહિતી નિયામક શ્રી ધીરજ પારેખ

કમલમ્ ન્યુઝ,

માહિતી ખાતામાં ૩૯ વર્ષની લાંબી સેવાઓ બાદ ગાંધીનગર ખાતેથી સંયુક્ત માહિતી નિયામક શ્રી જી.એફ. પાંડોર, નાયબ માહિતી નિયામક શ્રી આઈ.એમ. ઠાકોર, સહાયક માહિતી નિયામક શ્રીમતી લીતીબેન અને શ્રીરાઠોડ આજે વયનિવૃત્ત થતાં તેમને માહિતી પરિવાર દ્વારા ભાવભરી વિદાયઆપવામાં આવી હતી.

માહિતી પરિવારના મોભી અને માર્ગદર્શક એવા માહિતી નિયામક શ્રી ધીરજભાઈ પારેખે નિવૃત્ત થતા અધિકારીઓને શુભેચ્છા પાઠવતાં કહ્યું કે, સરકારી સેવામાંથી નિવૃત્ત થવુંએક ફરજનો ભાગ છે. આગળનું જીવન તેમનું પરિવાર સાથે સુખમય અને નિરોગીનિવડે તેવીશુભેચ્છા આપી હતી. તેમણે કહ્યું કે, ખાતામાં અનુભવી માણસો વયનિવૃત્ત થઈ રહ્યા છે ત્યારે શ્રી પાંડોરભાઈની સેવાઓની માહિતી પરિવારને ચોક્કસ ખોટ પડશે. તેમણે પાંડોર સાહેબની ઓછું બોલવું અને આઉટપુટ વધારે આપવું એ સેવાઓને બિરદાવીને અભિનંદન પાઠવ્યા હતા. સાથે સાથે શ્રીમતી લીતીબેન અને રાઠોડભાઈની સેવાઓને બિરદાવીને પણ બંનેનું આગામી જીવન સુખમય નિરોગી રહે તેવી શુભેચ્છાઓઆપી હતી.

આ ઉપરાંત તેમણે માહિતી ખાતાની જિલ્લા કચેરીઓમાંથી નિવૃત્ત થતા ૧૯ જેટલા કર્મચારીઓનેપણ શુભકામનાઓ પાઠવીહતી. માન. રાજયપાલશ્રીના પ્રેસ સચિવ અને સંયુકત માહિતી નિયામક શ્રી હિરેનભાઈ ભટ્ટ નિવૃત્ત થતા તમામ અધિકારીઓને શુભેચ્છાઓ પાઠવીને તેમના સંસ્મરણો તાજા કર્યા હતા અને એમનું નિવૃત્તિ જીવન નિરોગીમય રહે એવી શુભ કામનાઓ આપી હતી. નિવૃત નાયબ માહિતી નિયામક શ્રી પંકજભાઈ મોદીએ વિદાય પણ નિવૃત્ત થતા અધિકારીઓને શુભેચ્છા પાઠવી હતી.

આ વેળા એ માહિતી ખાતામાંથી નિવૃત્ત થનાર સૌ કર્મીઓને તેમના નિવૃત્તિના મળવા પાત્ર તમામ લાભોના આદેશો નિવૃત્તિના દિવસે જ આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે માહિતી નિયામક કચેરી ગાંધીનગરની વિવિધ શાખાના ઉચ્ચ અધિકારીઓએ પણ નિવૃત્ત થતા તમામ અધિકારીઓનું નિવૃત્તિ જીવન નિરોગીમય રહે એવી શુભેચ્છાઓપાઠવી હતી.

વલસાડ-ડાંગના સાંસદ ડૉ.કે.સી.પટેલના અધ્યક્ષસ્થાને રેડ ક્રોસ આપણા આંગણે કાર્યક્રમ યોજાયો

રેડ ક્રોસ સોસાયટીના ભાવિ રેડ ક્રોસ ભવનના નિર્માણ માટે રૂ. ૨૫ લાખ દાનની જાહેરાત કરાઈ

સિકલસેલ દર્દીઓના લાભાર્થે સાંસદ ફંડમાંથી રૂ. ૧૫ લાખની મલ્ટી પર્પઝ એમ્બ્યુલન્સ વાન ફાળવાય

કમલમ્ ન્યુઝ, વલસાડ

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી વલસાડ જીલ્લા શાખા અને ગુજરાત રાજ્ય શાખાના સયુંકત ઉપક્રમે રેડ ક્રોસઆપણા આંગણે'' કાર્યક્રમ વલસાડમાં શ્રી સૌરાષ્ટ્ર કડવા પટેલ સેવા સમાજ હોલ, વલસાડખાતે યોજાયેલ જેમાં મુખ્ય મહેમાન ડો.કે.સી.પટેલ સાંસદશ્રીના અધ્યક્ષપદે યોજાયેલ જેમાં ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી ગુજરાત રાજ્ય શાખાના ઉર્જાવાન અને કાર્યદક્ષ ચેરમેન શ્રી અજયભાઈ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા, સાથોસાથ રેડ ક્રોસ વલસાડ જીલ્લા શાખાના પ્રમુખ અને કલેકટર શ્રી ક્ષિપ્રા આગ્રે, જીતુભાઈ ચૌધરી, ધારાસભ્ય- કપરાડા, ભરતભાઈ પટેલ, ધારાસભ્ય-વલસાડ, અરવિંદભાઈ પટેલ, ધારાસભ્ય- ધરમપુર, ભરતભાઈ દેસાઈ, મેનેજિંગ ટ્રસ્ટી, આર.એન.સી. ફ્રીઆઈ હોસ્પિટલ, અરવિંદભાઈ ઉકાભાઈ પટેલ, ચેરમેનશ્રી વલસાડ સહકારી ખંડ ઉદ્યોગ મંડળી લી., શ્રી મગનભાઈ સાવલિયા, ઉપ પ્રમુખ- VIA – વાપી, ડો.કે.પી.પટેલ, મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી, વલસાડ, કાળુભાઈ ચોખલીયા, પ્રમુખશ્રી સૌરાષ્ટ્ર કડવા પટેલ સેવા સમાજ, માન. શ્રી જીતુભાઈ ઘાસવાલા, પ્રમુખશ્રી – BDCA- વલસાડ, ધરમશીભાઈ છેડા- રજવાડી ગ્રુપ અને વલસાડ જીલ્લાના શ્રેષ્ઠીઓની હાજરી ઉત્સાહપ્રેરક હતી. આ કાર્યક્રમમાં સન્માનિત રકતદાતાઓ, સેવાભાવી સંસ્થાઓના પ્રતિનિધિઓ રેડક્રોસ સોસાયટીના આજીવન સભ્યો, રેડ ક્રોસ રાજ્ય શાખા અને જીલ્લા શાખાના હોદ્દેદારો, તબીબોએ ખાસ હાજર રહી માનવતાવાદી સંસ્થાની સેવાકીય પ્રવુતિઓને જાણી અને બિરદાવી હતી. થેલેસેમિયા નિયંત્રણ માટે ભાનુશાળી સમાજની પહેલ અને લગ્ન પહેલા ફરજીયાત થેલેસેમિયા પરીક્ષણ થકી થેલેસેમિયા નિયંત્રણ માટે યોગદાન આપનાર ભાનુશાળી મિત્ર મંડળ વાપી અને ભાનુશાળી સમાજ વલસાડને એવોર્ડથી સન્માનિત કરાયા હતા. રેડ ક્રોસ આપણા આંગણે'' કાર્યક્રમમાં ડો.કે.સી.પટેલ, રેડક્રોસ સોસાયટી ગુજરાત રાજ્ય શાખાના ચેરમેન અજયભાઈ પટેલ અને કલેકટરશ્રી ક્ષિપ્રા આગ્રેના વરદ હસ્તે વલસાડ રેડ ક્રોસના ફર્સ્ટ એઈડ અવેરનેસ અને તાલીમના ક્વોલીફાઈડ ટ્રેનર ડો. અભિષેક મિસ્ત્રીની માનદ સેવાઓ બદલ વિશેષ સન્માન રૂપે એવોર્ડ આપી સન્માનિત કરી બિરદાવવામાં આવ્યા હતા. રેડ ક્રોસ આપણા આંગણે'' કાર્યક્રમમાં પધારેલ રાજ્ય શાખાના વાઈસ ચેરમેન ડો. અજયભાઈ દેસાઈએ રેડ ક્રોસની વિવિધ પ્રવૃતિઓનો ચિતાર આપી સમગ્ર રાજયમાં કાર્યાન્વિત થનારા ભાવિ પ્રોજેક્ટ અને રાજય શાખાની પ્રગતિની માહિતી આપી હતી. કાર્યક્રમના

વલસાડ જીલ્લા શાખાના માનદ મંત્રી ડો. યઝદી ઈટાલીયા દ્વારા રેડ ક્રોસની સ્થાપના, સિધ્ધાંતો, ઈતિહાસ, સિધ્ધિઓ અને સાંપ્રત સમયની ભૂમિકાની ઝાંખીનો પરિચય કરાવવામાં આવ્યો હતો સાથોસાથ રેડક્રોસની માનવતાવાદી સેવાઓમાં મુખ્યત્વે રક્તદાન યજ્ઞમાં રક્તદાનરૂપે નિરંતર આહુતિ આપી રક્તદાનની જ્યોતને પ્રજ્વલિત રાખનારા નિસ્વાર્થ સેવાભાવી રક્તદાતાશ્રીઓ પિયુષ સંતોકી, ભીખુ ભાવસાર, સુનીલ પટેલ, પ્રફુલ આહીર, અલ્પેશ ઉપાધ્યાય અને હિતેન્દ્ર દેસાઈને સ્મૃતિ ભેટ આપી મહેમાનોએ બિરદાવ્યા હતા. સાથોસાથ ડીઝાસ્ટર મેનેજમેન્ટમાં સહભાગી સંસ્થાઓ આશ્રમશાળાના સંચાલકો, આચાર્યો તથા ફર્સ્ટ એઇડ અવેરનેશ ટ્રેનીંગ અને યુથ રેડ ક્રોસ તરીકે નોંધાયેલ જીલ્લાની તમામ ઔદ્યોગિક તાલીમ સંસ્થા (ITI)ના પ્રતિનિધિઓને સર્ટીફીકેટ તથા અતુલ રૂરલ ડેવલપમેન્ટ ફંડ-અતુલ, શ્રી સાઈનાથ સેવાભાવી મંડળ-બીનવાડા, ઉમિયા સોશ્યલ ટ્રસ્ટ- વલસાડ અને સંત નિરંકારી ચેરીટેબલ ફાઉન્ડેશન-વલસાડને સ્મૃતિ ભેટ આપી અભિવાદન કરાયું હતું. સાથો સાથ વર્ષ ૨૦૨૧માં NIFA સંસ્થા દ્વારા સમગ્ર દેશમાં એક જ દિવસે સૌથી વધુ રક્તદાનની મુહિમ ચલાવી શહીદ દિવસની ઉજવણી નિમિત્તે ગીનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ નોંધાયેલ જેમાં સહભાગી સંસ્થા રેડ ક્રોસ, વાંસદા તાલુકા શાખાને પણ એવોર્ડ અને સર્ટીફીકેટથી સન્માનિત કરી હતી.

મુખ્ય મહેમાન વલસાડ-ડાંગ લોકસભાના સાંસદ ડો.કે.સી.પટેલે રેડ ક્રોસ વલસાડ જીલ્લાની કામગીરી ખાસ કરીને રકતદાન ક્ષેત્રે તથા કુદરતી આફતોના સમયે જીલ્લામાં પુર અસરગ્રસ્ત વિસ્તારમાં થયેલ રાહત કામગીરીને બિરદાવી હતી સાથો સાથ રેડ ક્રોસની જીલ્લા શાખાની પ્રવૃત્તિના વ્યાપને વધારવા રેડક્રોસ ભવનના નિર્માણ માટે સરકારી જગ્યા ફાળવવા કલેકટરશ્રીને ખાસ અપીલ કરીહતી અને જીલ્લાના સિકલસેલ દર્દીઓના લાભાર્થે સાંસદ ફંડમાંથી રૂપિયા પંદર લાખની મલ્ટી પર્પઝ એમ્બ્યુલન્સવાનની ફાળવણી કરી હતી. ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગુજરાત રાજ્ય શાખાના ચેરમેન અને રેડ ક્રોસ આપણા આંગણે કાર્યક્રમના પ્રણેતા અજયભાઈ એચ પટલે દાનની સખાવત વહેડાવી રૂ. ૨૫,૦૦૦,૦૦/(પચ્ચીસ લાખ)નું માતબર દાન ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટી વલસાડ જીલ્લા શાખાના ભાવિ રેડ ક્રોસ ભવનના નિર્માણ માટે આપવાની જાહેરાત કરી હતી અને વધુમાં વધુ લોકો રેડ ક્રોસમાં સ્વયં સેવક તરીકે જોડાઈ તે માટે અપીલ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વલસાડ રેડ ક્રોસના એકઝીક્યુટીવ મેમ્બર ભાવેશ રાયચાએ કર્યું હતું.

ડાંગની મુલાકાતે આવેલા શિક્ષણ મંત્રીશ્રી ડો.કુબેરભાઈ ડીંડોરે રંભાસ ખાતે સ્માર્ટ કલાસ રૂમનું ઉદ્ઘાટન કર્યું

કમલમ્ ન્યુઝ, અમરનાથ જગતાપ

ગુજરાતી રાજ્યના શિક્ષણ મંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડીંડોરના વરદ હસ્તે બ્રહ્મસ્વરૂપપરમ પૂજ્ય પ્રમુખસ્વામીમહારાજનાઆશીર્વાદ તથાપ્રગટ ગુરુહરીશ્રી મહંતસ્વામી મહારાજનીપ્રેરણાઅને બીએપીએસ સ્વામિનારાયણસંસ્થાનાસહયોગથી ચાલતા, જ્ઞાનસેવાચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા-રંભાસ ખાતેઆધુનિક ભૌતિક સુવિધાઓથી સજ્જ નવનિર્મિતબિલ્ડીંગના સ્માર્ટ કલાસ રૂમનુ ઉદ્ઘાટન કરવામા આવ્યુ હતુ. તાજેતરમાં ડાંગ જિલ્લાની મુલાકાતેઆવેલાશિક્ષણ મંત્રીશ્રી દ્વારા હાલ નિર્માણધીન આધુનિક ભૌતિક સુવિધાઓથી સજ્જ પ્રાર્થનાહોલ, ડાયનિંગ હોલ, રસોઈ ઘર તથા છાત્રાલયના નવા બિલ્ડીંગની પ્રથમઈષ્ટિકાનુ સ્થાપન પણ કરવામાઆવ્યુ હતુ. આ પ્રસંગે મંત્રીશ્રી કુબેરભાઈ ડીંડોરે જણાવ્યુ હતુ કે, જ્ઞાન સેવા વિદ્યા સંકુલ બાળકોના સંસ્કાર શિક્ષણ અને સ્વાસ્થ્ય માટે સતત ચિંતિત છે. પ્રમુખ સ્વામી મહારાજ, મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી સંતોના માર્ગદર્શન તથા શાળા પરિવારના અથાગ પુરુષાર્થ દ્વારા શાળાનુંછેલ્લા પાંચ વર્ષનું પરિણામ ૯૦ ટકાથી વધારે મેળવવા બદલ શાળાપરિવારને શુભકામના પાઠવી હતી. મંત્રીશ્રીએ બાળકોને જણાવ્યું હતું કે, અહીં સંતોના સાનિધ્યમાં ગુરુકુળ પરંપરા અનુસાર શિક્ષણ અને સંસ્કાર મળી રહ્યા છે. સાથે સાથે આધુનિકતાનો પણ સુમેળ સધાયો છે. આ સંસ્થામાં સ્લેટથી નેટ સુધીનું શિક્ષણ અપાઈ રહ્યું છે. જેનો શ્રેષ્ઠ ઉપયોગ બાળકો તેમના ઉજ્જ્વળ ભવિષ્ય માટે કરે તેવી શુભકામના પાઠવી, બાળકો સાથે દોઢ કલાક જેટલો સમય વિતાવ્યો હતો ઉલ્લેખનીય છે કે, માર્ચ ૨૦૨૩ મા શાળાનું એચ.એસ.સી.નુ પરિણામ ૧૦૦ ટકા લાવવા બદલ આહવા ખાતે માનનીય શિક્ષણ મંત્રીશ્રીના વરદ હસ્તે આચાર્યશ્રીને સન્માન પત્ર આપી શાળાનું સન્માન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ હજુ વધુ સારી સુવિધાઓ સાથે અભ્યાસ પ્રાપ્ત કરી શકે તે માટે નવા બિલ્ડીંગની પ્રથમ ઈષ્ટિકા કાર્યક્રમમાં બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થાના પૂજ્ય મંગલનયન સ્વામી, પૂજ્ય મુનિચરણ સ્વામી, નાયબ દંડક શ્રી વિજયભાઈ પટેલ, જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી વિજયભાઈ દેશમુખ, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી શ્રી નરેન્દ્રભાઈ ઠાકરે તથા ટ્રસ્ટીગણ, શિક્ષકગણ અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા

હિંમતનગરમાં ભાજપ યુવા મોરચા દ્વારા બાઈકરેલી યોજાઈ

કમલમ્ન્યુઝ, ઈકબાલમેમણ

કેન્દ્રની નરેન્દ્રભાઈ મોદી સરકારના ૯ વર્ષ "સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના" એક મહિનાના કાર્યક્રમોના ઉજવણીના ભાગરૂપે આજે હિંમતનગરમાં શહેરના વૈશાલી સિનેમા ગ્રાઉન્ડમાંથી જીલ્લા ભાજપ પ્રમુખ જે.ડી.પટેલ તથા જીલ્લા સંગઠન પ્રભારી ગજેન્દ્રભાઈ સકસેના દ્વારા યુવા મોરચાની બાઈકરેલીને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવેલ. આ પ્રસંગે પ્રદેશ ઉપાધ્યક્ષ કુ. કૌશલ્યાકુવરબા, ધારાસભ્ય વી.ડી.ઝાલા, જીલ્લા મહામંત્રી વિજયભાઈ પંડ્યા, મહેન્દ્રસિંહ રહેવર, કનુભાઈ પટેલ, જીલ્લા ઉપ- પ્રમુખ જયેશભાઈ પટેલ, જયંતીભાઈ પટેલ, જીલ્લા યુવા મોરચા પ્રમુખ રાહુલભાઈ પટેલ, શહેર સંગઠન પ્રમુખ વાસુદેવભાઈ રાવલ, તાલુકા સંગઠન પ્રમુખ હસમુખભાઈ પટેલ, શહેર સંગઠન મહામંત્રી જયેશભાઈ પટેલ, બંટીભાઈ મહેતા, પાલીકા પ્રમુખ યતીનબેન મોદી, તાલુકા પંચાયત પ્રમુખ વિનોદભાઈ પટેલ, તાલુકા મહામંત્રી રાજેન્દ્રસિંહ, ભવરસિંહ, કમલેશભાઈ બારોટ, શહેર યુવા મોરચા પ્રમુખ ધ્રુવ શાહ, તથા શહેર ના કોર્પોરેટર તથા મોટી સંખ્ય મા શહેર તથા તાલુકા ના કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા હતા.

ડીસા રોટરી કલબ દ્વારા મીની મેરેથોન દોડ યોજાઈ

કમલમ્ન્યુઝ,આનંદ ઠક્કર

સતત સેવાકીય પ્રવૃત્તિ દ્વારા સમાજ માં અનોખું સ્થાન ઉભુ કરનાર રોટરીક્લબ ડીસાના નવ નિયુકત પ્રમુખ શ્રી ડૉ.ડીકેશભાઈ ગોહેલ દ્વારા એમના કાર્યકાળ ના પ્રથમ્ દિવસે પહેલી જુલાઈ ના દિવસે સવારે છ વાગે બેંક ઓફ ઈન્ડિયા ના સહયોગ થી ટુંકી મેરેથોન દોડ નું સુંદર આયોજન કરવામાં આવ્યુ હતુ .જેમાં રોટરી ક્લબ ડીસા ના સભ્યો, જુદી જુદી કોલેજો ના વિદ્યાર્થી મિત્રો તેમજ આઈ.એમ. એ ના ડોક્ટર્સ મિત્રો,બેંક ના કર્મચારીઓ, પોલીસ મિત્રો તેમજ અલગ અલગ સંસ્થા માંથીપધારેલ ભાઈઓ તેમજ મોટી સંખ્યામાં બહેનોએ ભાગ લીધો હતો. તેમજ વિજેતા થયેલા ત્રણેય કેટેગરીના સ્પર્ધકોને ગોલ્ડ,સિલ્વર, અને બ્રોન્ઝ મેડલ થી નવાજવા માં આવેલ. આમેરેથોન દોડનો મુખ્ય ઉદ્દેશ્ય શહેરીજનો માં હેલ્થ અંગે જાગૃતિઆવે તેમજયુવાનો વ્યસનો થીદુરરહી નાગરિકતરીકેની ફરજો તેમજ રોટરી દ્વારા થતી પ્રવૃત્તિની જાણકારી આપવાનો હતો. દોડના પ્રારંભે સ્પર્ધકોને પ્રતિજ્ઞા લેવડાવી હતીજેમાં યુવાનોને હંમેશાવ્યસનો અને ડ્રગ્સ થીદુર રહેવા, પર્યાવરણ ની જાળવણી કરવાઅને વૃક્ષારોપણ કરવા, પ્લાસ્ટિક મુક્ત ડીસા કરવા તેમજ બાઈક કે સ્કૂટર.ચલાવતી વખ્તેહેલ્મેટ અવશ્ય પહેરવા તેમજ ઘર,મહોલ્લો અને ડીસા શહેરને સ્વચ્છરાખવા યોગદાન આપવાની બાબતોનો સમાવેશ કરેલ. આ પ્રસંગે સ્પર્ધાને ખુલ્લી મુકતા ડીસા ના યુવા ધારાસભ્ય શ્રી પ્રવીણભાઈ માળી, ડીસા નગરપાલિકા ના પ્રમુખ શ્રી રાજુભાઈ ઠક્કર,બેંક ઓફ ઈન્ડિયા ના ઝોનલ મેનેજર શ્રી મનોજકુમાર, ડીવાય એસપી શ્રી ઓઝા સાહેબ, રોટરી ક્લબ ડીસા ના નવ નિયુક્ત ઉત્સાહી પ્રમુખ શ્રી ડૉ. ડીકેશભાઈ, આસિસ્ટન્ટ ગવર્નર ડૉ.હેતલબેન ગોહેલ,સેક્રેટરી ડૉ. મોનાબેન ગાંધી,પ્રોજેક્ટ ચેરમેન ડૉ.હિરેનભાઈ પટેલ , ડૉ મેહુલભાઈ મોઢ,ડૉ.રાજન મહેતા, રો. કેયૂર ભાઈ ઠક્કર રો. કરસનભાઈ ખત્રી,રો. વિક્રમભાઈ ઠક્કર તેમજ તેમજ રો.નટુભાઈ પટેલ ,ડૉ.ચંપકભાઈ ઝાલમોરા, રો. શાંતિભાઈ ઠક્કર, ડૉ. નવીનકાકા સહિત બહોળી સંખ્યામાં રોટરિયન મિત્રો, મીડિયા કર્મીઓ તેમજ શહેરીજનો ઉપસ્થિત રહેલ. સમગ્ર કાર્યક્રમ ની વ્યવસ્થા માં પોલીસ સ્ટાફ, વ્યાયામ શાળામાંથી ખુશાલભાઈ અને ટીમ તેમજ પ્રોફે. આર. ડી.ચૌધરી અને આદર્શ હાઈ સ્કૂલ નાહરેશભાઈ પવાયાસાહેબ અને એમની ટીમ નો સુંદર સહયોગ મળેલ. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી એ જણાવેલ કે જાગૃતયુવાધન એ શહેર ની ધડકન છે અને રાષ્ટ્રની ધરોહર છે આવનારા સમયમાં પ્રકૃતિનું જતન કરીને તેમજ વ્યસનોથી દૂર રહીને માં ભારતી ને દુનીયાના સર્વોચ્ચ શિખર ઉપર બિરાજમાન કરવાનુંઆહવાન કર્યુ હતું. તેમજ રોટરી ક્લબ ડીસા ની કામગીરી ને બિરદાવી હતી. કાર્યક્રમ નાઅંતે રોટરી ક્લબ ડીસા નાસેક્રેટરી ડૉ.મોનાબેન ગાંધીદ્વારા આભારવિધિ કરવામાં આવેલ.સમગ્ર કાર્યક્રમ નું સુંદર સંચાલન ડૉ. હિરેનભાઈપટેલ દ્વારા કરવામાંઆવ્યું હતું.

ભારતીય જનતા પાર્ટી ભરૂચ દ્વારા,ભરૂચ લોકસભા-૨૨ ની વિશાળ જનસભાનું આયોજન કરાયું

રાજ્યના શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયા અને ગુજરાત પ્રદેશ મહામંત્રી શ્રી પ્રદીપભાઈ વાઘેલાએ કાર્યકર્તા ને માર્ગદર્શન આપ્યું

કમલમ્ન્યુઝ,નરેન્દ્ર પટેલ

ભરાતીય જનતા પાર્ટીના સેવા સુશાસનના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સરકારના ૯ વર્ષ પૂર્ણ થતાં ભાજપપ્રદેશ દ્વારાદરેક રાજ્યોમાં એક મહિના સુધીના કાર્યક્રમોના આયોજન કર્યાહતાં જેના ભાગરૂપે સ્વામિનારાયણ મંદિર ઝાડેશ્વર ખાતે ભરૂચ લોકસભા ૨૨ ની વિશાળ જનસભાનું આયોજન કરાયુંહતું. ભાજપનાવડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકારના સેવા સુશાસનના ૯ વર્ષપૂર્ણ થતાં ભાજપ પ્રદેશ મોરચા દ્વારા દરેક રાજ્યના

છેવળાના માનવીને ભાજપના સેવા સુસાસનના ૯ વર્ષ પૂર્ણ થતાં એક મહિનાના કાર્યક્રમોના આયોજન કરવામાં આવ્યા હતાં. જેના ભાગરૂપે ભરૂચ જિલ્લા ભાજપ દ્વારા આજે રોજ ૧લી જુલાઈના રોજ ભરૂચના ઝાડેશ્વરના સ્વામિનારાયણ મંદિર સામે રાજ્યના શિક્ષણ મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા અને ગુજરાત પ્રદેશ મહામંત્રી શ્રી પ્રદીપભાઈ વાઘેલાની હાજરીમાં વિશાળ જન સભાનું આયોજન કરાયું હતું.આકાર્યક્રમમાં રાજ્યના શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયાએ મોદી સરકારના સફળતાના ૯ વર્ષ પૂર્ણ થવાથી દેશના લોકોને મળેલી અનેક સરકારી યોજનોની થયેલા લાભો અને શિક્ષણમાં વધેલા ગ્રાફનો ચિતાર આપ્યોહતો.જ્યારે ગુજરાત પ્રદેશ મહામંત્રી પ્રદીપભાઈ વાઘેલાએ કોંગ્રેસ પાર્ટી ઉપર આકરા પ્રહારો કરીને કોઈ પણ કાર્ય નરેન્દ્ર મોદી દ્વારાજ થાય હોવાનું જણાવ્યું હતું.તેમણે પાવાગઢ, ઉજ્જૈન, અયોધ્યામાં ભવ્ય રામ મંદીર નિર્માણ માટે મોદી સરકાર દ્વારા જ શક્ય બન્યું હોવાનું જણાવ્યું હતું. વધુમાં આ વર્ષે લોકસભાની ચૂંટણીઓમાંપ લાખથીવધુ મતોથી ઉમેદવારને જીતાડવા માટેનું પણ લોકોનેઆહવાન કર્યું હતું.આ પ્રસંગે જિલ્લાપ્રમુખમારુતિસિંહઅટોદરિયા, સાંસદ મનસુખ વસાવા, પૂર્વ સાંસદ ભરતસિંહપરમાર,સહિત જિલ્લાના દરેક ધારાસભ્ય અને આગેવાનો, પદાધિકારીઓ અનેકાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં.

કમલમ્ન્યુઝ,ઘનશ્યામ સંઘાણી

મોરબી જિલ્લા નાં એવા સેવાભાવિ અને નિષ્ઠાવાન શ્રી રાઘવજીભાઈ ગડારા નાં જન્મદિવસ નિમિતે ૭૧ વર્ષ માં મંગલપ્રવેશ ની કમલમ દૈનિક પરિવાર તરફથી ખુબ ખુબ શુભકામનાઓ મોરબી જિલ્લા ની સરકારી હોસ્પિટલ જઈને ફૂડ પેકેટ વિતરણ કાર્યું. મોરબી જિલ્લાના મહામંત્રી જેઠાભાઈ મિયાત્રા,જ્યોતિસિંહ, જલાભાઈ રાઠોડ અને હોસ્પિટલ નાં સ્ટાફ તથા દર્દીઓની મુલાકાત કરી

ગાંધીનગર બોરીજના નવાપરા પ્રાથમિક શાળા ખાતે ગાંધીનગર જિલ્લાના ૭૦ જેટલા જરૂરતમંદ બાળકોને કલેક્ટર શ્રી હિતેશ કોયાના હસ્તે શૈક્ષણિક કીટનું કરાયું વિતરણ

બાળકોના શિક્ષણ, પોષણ અને જીવન ઘડતર માટે સરકાર હંમેશા ચિંતિતઃ કલેક્ટર શ્રી હિતેશ કોયા

કમલમ્ન્યુઝ,ગાંધીનગર,

શિક્ષણ થકી દેશના બાળકોનું ભવિષ્ય ઉજળું થાય તે માટે સરકાર અને સહયોગી સંગઠનો સાથે મળી કામ કરી રહ્યા છે. ગામડાં અને શહેરોમાં વસતા બાળકોના શિક્ષણ, સ્વાસ્થ્ય અને ઉમદા જીવન માટે સરકાર સાથે કોર્પોરેટ ક્ષેત્ર જોડાતા નવા પરિણામો સર્જાયા છે. ગાંધીનગર જિલ્લા કલેક્ટર શ્રી હિતેશ કોયાની ઉપસ્થિતિમાં બોરીજના નવાપરા પ્રાથમિક શાળા ખાતે ગાંધીનગર જિલ્લાના ૭૦જરૂરતમંદ બાળકોને કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબીલીટી (CSR)

અંતર્ગત Cybage Software Pvt Ltd કંપનીના ટ્રસ્ટ ઝઅહફલ્પીછજરટ્ઠના સહયોગથી શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે જિલ્લા કલેક્ટરશ્રી હિતેશકોયાએપ્રાસંગિક ઉદ્બોધનમાંજરૂરતમંદ બાળકોને માટેકરાતા સેવાકીય કાર્યની પ્રસંશા કરીહતી.

તેમણેજણાવ્યું હતુંકે રાજ્ય સરકારે જરૂરતમંદ બાળકોની કાળજી માટે વિશેષ પગલાં ભર્યા છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે આવા જરૂરતમંદ ગરીબ બાળકોના પોષણ, શિક્ષણ અને સ્વાસ્થ્યની ચિંતા કરીને આ માટે ખાસતકેદારી રાખી છે. ખાસ કરીને આવા બાળકોના કુટુંબ માટે આયુષ્માનકાર્ડ, શ્રમિકકાર્ડ, આધાર કાર્ડ, રાશન કાર્ડવગેરે કાઢીઆપવા માટે કેમ્પનું પણ આયોજન કરાયું છે. કાર્યક્રમમાં Cybage Software Pvt Ltd કંપનીના અગ્રણીપ્રણવ જોષીએ જણાવ્યું હતું કે સમાજના ઉત્કર્ષ માટે અને શિક્ષણનો વ્યાપ વધારવા માટેનો કંપનીનો આ નમ્ર પ્રયાસ છે. કંપનીના નાના એવા સહયોગથી ભણવામાંગતા બાળકોને બળ મળી રહેશે. કાર્યક્રમમાં શાળાની બાળાઓ દ્વારા સ્વાગત ગીત રજૂ કરાયું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવના હસ્તે દીપ પ્રાગટ્ય બાદ બાળકોને સ્કૂલબેગ, નોટબુક અને કંપાસ સહિતની શૈક્ષણિક કીટનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી બી. એન. પ્રજાપતિ, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી શ્રી સંજય દેસાઈ, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી શ્રી સંજય પટેલ, Cybage Software કંપનીનાવાઈસ પ્રેસિડન્ટશ્રી રોનક લાલવાણી, બોરીજ નવાપરા પ્રાથમિક શાળાનાઆચાર્ય જવાહર બોરડ સહિત બાળકો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્ ન્યુઝ,

સામરખા ખાતે શ્રી કેળવણી મંડળ દ્વારા અનંત શ્રી વિભૂષિત કૈવલજ્ઞાન પીઠાધિશ્વર જગદગુરુ શ્રીઅવિચલદેવાચાર્યજી મહારાજશ્રીનો ભવ્ય સન્માન સમારોહ યોજાયો. આ અવસરે આણંદ મ્છ્જી સ્વામિનારાયણ મંદિરના કોઠારીપૂજ્ય ભગવતચરણ સ્વામી, સાંસદશ્રી મિતેષભાઈ પટેલ, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખશ્રી સંજયભાઈ પટેલ, શ્રી બીપીનભાઈ પટેલ વકીલ સહિત મોટી સંખ્યામાં ભકતજનો ઉપસ્થિત રહ્યા હતા

કમલમ્ ન્યુઝ,

માણસા નગરપાલિકા દ્વારા વૃક્ષારોપણનું કાર્યક્રમ તેમજ તળાવ ઈન્ટરલિંકિંગ કરવા માટે ગોવિંદીતળાવના દરવાજાનું લોકાર્પણ માણસાના લોકલાડીલા ધારાસભ્યશ્રી જે.એસ.પટેલ દ્વારા કરવામાં આવ્યુ

ગુજરાતની સૌથી મોટી યુનિવર્સિટીને પહેલાં મહિલા કુલપતિ મળ્યાં, RSSનું બેકગ્રાઉન્ડ ધરાવતાં ડો. નીરજા ગુપ્તાની પસંદગી

કમલમ્ ન્યુઝ,

ગુજરાતયુનિવર્સિટીના કુલપતિ હિમાંશુ પંડ્યાની કુલપતિ તરીકેની ટર્મ આજે પૂર્ણ થઈ રહી છે, ત્યારે હવે નવા કુલપતિ મળી ગયાં છે. યુનિવર્સિટીની સ્થાપનાના ૭૩ વર્ષે મહિલા કુલપતિ નિમાયાં છે. ડો. નીરજા ગુપ્તાનીપસંદગી કરવામાંઆવી છે. ડો. નીરજા ગુપ્તાની ગુજરાત યુનિવર્સિટીના નવા અને પહેલાંમહિલા કુલપતિ તરીકે નિમણૂક કરાઈ છે. તેઓ રાષ્ટ્રીય સ્વયં સેવક (RSS)નું સ્ટ્રોંગ બેકગ્રાઉન્ડ ધરાવે છે. તેઓ છેલ્લા ૨ વર્ષથી સાંચી યુનિવર્સિટીમાં કુલપતિ હતા.

ડો. નીરજા ગુપ્તા મૂળ અમદાવાદના રહીશ

ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ હિમાંશુ પંડ્યાની ટર્મ પુરી થતાં શિક્ષણ વિભાગ દ્વારા યુનિવર્સિટીના નવા કુલપતિનું જાહેર કરવામાંઆવ્યું છે. મધ્યપ્રદેશની સાચી યુનિવર્સિટીના કુલપતિ નીરજા ગુપ્તાની ગુજરાત યુનિવર્સિટીના નવા કુલપતિ તરીકે નિમણૂક કરવાના આવીછે. નીરજા ગુપ્તા અમદાવાદના રહેવાસી છે.

યુનિવર્સિટીમાં સિન્ડિકેટ સભ્ય રહી ચૂક્યા છે

નીરજા ગુપ્તા અગાઉ ભવન્સ કોલેજના આચાર્ય રહી ચૂક્યા છે.ગુજરાત યુનિવર્સિટીમાં સિન્ડિકેટ સભ્ય રહી ચૂક્યા છે. ગુજરાત યુનિવર્સિટીમાં સેનેટ સભ્ય પણ રહી ચૂક્યા છે. ગુજરાત યુનિવર્સિટીમાં એકેડેમિક કાઉન્સિલના પણ સભ્ય રહી ચૂક્યા છે. નીરજા ગુપ્તા ઈંગ્લિશ વિષયના પ્રોફેસર રહીચૂક્યાછે. ગુજરાત સરકારના સ્ટડીઈન ગુજરાત કેમ્પિયનના સભ્ય પણ રહીચૂક્યા છે.

૬ ભાષાના જાણકાર

ડો. નીરજા ગુપ્તા આરએપીજી કોલેજ ઓફ આર્ટસ એન્ડ કોમર્સ, ભારતીય વિદ્યા ભવન, ખાનપુર, અમદાવાદ, ગુજરાત ખાતે પ્રોફેસર અને આચાર્ય રહી ચૂક્યા છે. ૨૦૦૬થી ૨૦૧૨ સુધી ડૉ.ગુપ્તા ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના ફોરેન એજ્યુકેસન પ્રોગ્રામના સલાહકાર રહ્યા છે. તેમણે ૧૯૯૨માં મેરઠ યુનિવર્સિટીમાંથી ડોક્ટરેટની પદવી મેળવી હતી. હિન્દી, સંસ્કૃત, ગુજરાતી, મરાઠી, આસામી ઉપરાંત તેઓ ઉર્દૂ પર પ્રભુત્વ ધરાવે છે.

UGCના સભ્યની નિમણૂક થતાં સર્ચ પ્રક્રિયા ઝડપી બની

ગુજરાતયુનિવર્સિટીના કુલપતિની નિમણૂક માટે સર્ચ કમિટીના ત્રણ સભ્યની નિમણૂક થઈ હતી, ત્યાર બાદ ેઞ્ના સભ્યની નિમણૂક બાકીહતી, જેહવે થઈ ચૂકી છે. ેઞ્ દ્વારા છત્તીસગઢના ડોક્ટર રમાશંકર કુરિલની કમિટીના સભ્ય તરીકે નિમણૂક થઈ છે. હવે કુલપતિની પસંદગી માટેની પ્રક્રિયા આગળ શરૂ કરાશે.

સર્ચ કમિટી માટે ચોથા સભ્યની નિમણૂક

UGC દ્વારા કુલપતિની સર્ચ કમિટી માટે ચોથા સભ્યની નિમણૂક કરાઈ હતી. છત્તીસગઢના ડોક્ટર રમાશંકર કુરિલની કમિટીના સભ્ય તરીકે ેઞ્એ નિમણૂક કરી હતી. ડૉક્ટર રમાશંકર કુરિલ છત્તીસગઢમાં આવેલી મહાત્મા ગાંધી યુનિવર્સિટી ઓફ હોર્ટિકલ્ચર એન્ડ ફોરેસ્ટીના કુલપતિ છે. હવે ૪ સભ્યની કમિટી બનતાંઅરજી મગાવવાજાહેરાત કરાઈ હતી. જાહેરાતકર્યા બાદ ૧૫ દિવસમાંઅરજી આવતાંઅને અરજીની સ્ક્રૂટિની કરીને નામ નક્કી કરવામાં આવ્યું હતું. આમ, ૩૦ જૂને પ્રક્રિયા પૂરી કરી દેવામાંઆવી છે.

થોડા દિવસ અગાઉ જ પત્ર લખી નિમણૂક કરવા જાણ કરી હતી

શિક્ષણ વિભાગ દ્વારા થોડા દિવસ અગાઉ જ UGC ને પત્ર લખીને ૭અલગ-અલગ યુનિવર્સિટીની સર્ચ કમિટીમાં કુલપતિની નિમણૂક માટે UGC ના સભ્યનીનિમણૂક કરવાજાણ કરીહતી. ત્યારબાદ UGC દ્વારા નામની જાહેરાત કરવાના આવી હતી.જેથી સર્ચ પ્રક્રિયા ઝડપી બની હતી અને ગુજરાત યુનિવર્સિટીને નવા કુલપતિ મળ્યાં હતાં.

સુમુલ ડેરીએ દક્ષિણ ગુજરાતમાં શુદ્ધ દૂધની જરૂરિયાત પૂર્ણ કરવામાં અગ્રિમ સ્થાન મેળવ્યું છે

લાખો ગૃહિણીઓના વિશ્વાસને જાળવી રાખી સુમુલ ડેરી સૌના પ્રેમ અને સહકારનું પ્રતિક બની છે. સુમુલ ડેરી ચેરમેન માનસિંહભાઈ પટેલ

ઉકાઈની સુદ્રઢ સિંચાઈ સુવિધાથી ઓલપાડ તાલુકામાં ૧૦૦ કરોડથી વધુ ડાંગરનું ઉત્પાદન થયુંઃ વન, પર્યાવરણ મંત્રી મુકેશભાઈ પટેલ

APMC કૃષિ બજાર ખાતે સુમુલ પાર્લર તથા માસ્ટર શેફ રેસ્ટોરન્ટનું ઉદ્દઘાટન

કમલમ્ન્યુઝ,મયુર પટેલ

સુરત શહેરના સહારા દરવાજા પાસે, APMC કૃષિ બજાર ખાતે સુમુલ પાર્લર તથા માસ્ટર શેફ રેસ્ટોરન્ટનું વન અને પર્યાવરણ રાજ્યમંત્રીશ્રી મુકેશભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં સુરત જિલ્લા ખરીદ-વેચાણ સંઘના પ્રમુખશ્રી રમણભાઈ પટેલના હસ્તે ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વન, પર્યાવરણ મંત્રીશ્રીમુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, ઉકાઈ ડેમનું મૂલ્યવાન પાણી અને ઉકાઈની સુદ્રઢ સિંચાઈ સુવિધાથી ઓલપાડ તાલુકામાં ૧૦૦ કરોડથી વધુ ડાંગરનુંઉત્પાદન થયું છે. ઓલપાડ તાલુકામાં ૧૪,૫૦૦ હેક્ટર માં ડાંગરનુ વાવેતર થયું હતું. જેથી આ તાલુકાના ખેડૂતો સમૃદ્ધિ તરફ અગ્રેસર થયા છે. સુમુલ ડેરીએ દક્ષિણ ગુજરાતમાં શુદ્ધ દૂધની જરૂરિયાત પૂર્ણ કરવામાં અગ્રિમ સ્થાન મેળવ્યું છે એમ જણાવી જિલ્લા પંચાયત દ્વારા પશુ ખરીદી પર આપવામાં આવતી સહાય અને સબસિડીનો લાભ મેળવવા અનુરોધ કર્યો હતો. સુમુલ ડેરી દૂધ વિતરણ ક્ષેત્રે અને ગ્રામજનો-પશુપાલકો પશુપાલન ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી અપેક્ષા તેમણે વ્યક્ત કરી હતી. સુમુલ ડેરીના ચેરમેનશ્રી માનસિંહભાઈ પટેલે જણાવ્યું હતું કે, સુરત અને તાપી જિલ્લાના પશુપાલકો અનેખેડૂતોની જીવાદોરી ગણાતી અને રૂ.૫૩૦૦ કરોડથી વધારે ટર્ન ઓવર ધરાવતી સુમુલ ડેરીમાંદરરોજ આશરે ૧૫થી ૧૬ કરોડ લીટર દૂધ એકઠું કરવામાં આવે છે, તેને પ્રોસેસિંગ કરી સુરત શહેર-જિલ્લાના નાગરિકો સુધી પહોંચાડવામાં આવે છે. આ દૂધના વિતરણની સુદ્રઢ વ્યવસ્થા સુમુલે ગોઠવી છે. સુમુલમાં ભેળસેળને અવકાશ નથી એમ જણાવતા શ્રી માનસિંહભાઈએ ઉમેર્યું કે, પશુપાલકો દૂધમાં ભેળસેળ કરવી એને મહાપાપ સમજે છે. કોઈ અન્ય તત્વો દૂધ, પનીરમાં ભેળસેળ કરે તો તેને ટ્રેક કરી નેટવર્કમાંથી દૂર કરવામાં આવે છે, એટલે જ લાખો ગૃહિણીઓના વિશ્વાસને જાળવી રાખી સુમુલ ડેરી સૌના પ્રેમ અને સહકારનું પ્રતિક બની છે. ધારાસભ્ય અને સુરત એ.પી.એમ.સી.ના ચેરમેન શ્રી સંદિપભાઈ દેસાઈએ પ્રાસંગિક ઉદ્બોધન કરતા જણાવ્યુંકે, રાજ્ય સરકારે પશુપાલકો દૂધ ઉત્પાદકો અને ડેરી ઊદ્યોગના વિકાસને પ્રાધાન્ય આપ્યું છે. ગ્રામીણ સહકારી દૂધમંડળીઓ મહિલાઓ અને ગ્રામીણો માટે જીવાદોરી બની છે, ત્યારે સુરત અને તાપી જિલ્લાના પશુપાલકોના જીવનધોરણને ઉન્નત કરવામાં સુમુલે અમૂલ્ય યોગદાન આપ્યું છે. આ પ્રસંગે મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભાવેશભાઈ પટેલ, સુમુલ ડેરીના વાઈસ ચેરમેનશ્રી રાજુભાઈ પાઠક, સહકારી અગ્રણીશ્રી નરેશભાઈ પટેલ, શહેર સંગઠન પ્રમુખશ્રી નિરંજન ઝાંઝમેરા, સહકારી અગ્રણીઓ, સુમુલના સભાસદો, પશુપાલકો ઉપસ્થિત રહ્યા હતા.

સુમુલ પાર્લર અને સુમુલ માસ્ટર શેફ રેસ્ટોરન્ટની વિશેષતા

સુરતના રિંગરોડ સ્થિત APMC કૃષિ બજારમાં સુમુલ પાર્લરમાં સુમુલ ડેરીની દરેક પ્રોડક્ટસ જેવી કે ઘી, પનીર, દહીં, મીઠાઈ, શ્રીખંડ, બેકરી પ્રોડક્ટસ તેમજ અમુલ આઈસ્ક્રીમ અને અમુલ ડેરી પ્રોડક્ટ્સ મળશે. જ્યારે સુમુલ માસ્ટર શેફ રેસ્ટોરન્ટમાં પંજાબી, ચાઈનીઝ, સાઉથ ઈન્ડિયન, પાંઉભાજી મળશે. ગ્રાહકો માટે પાર્સલની સુવિધા પણ ઉપલબ્ધ રહેશે.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028